# વિદુર નીતિ

## અધ્યાય ૧

વૈશંપાયને કહ્યું :- હે જનમેજય ! પછી મહાબુદ્ધિમાન મહીપતિ ધૃતરાષ્ટ્રે દ્વારપાલને કહ્યું કે હું વિદુરને મળવા ઈચ્છું છું, માટે તેને જલદી અહીં બોલાવી લાવ. એટલે ધૃતરાષ્ટ્રે મોકલેલા તે દૂતે વિદુરજીને કહ્યું કે, હે મહાજ્ઞાની ! સમર્થ ધૃતરાષ્ટ્ર મહારાજા તમારાં દર્શન કરવા ઈચ્છે છે. ૧-૨

દ્વારપાલે કહ્યું :- તેણે આ પ્રમાણે કહ્યું એટલે વિદુરજી રાજમંદિરમાં આવીને દ્વારપાલને કહ્યું કે, હું આવ્યો છું, તે તું ધૃતરાષ્ટ્રને જણાવ. એટલે દ્વારપાલે કહ્યું, હે રાજેન્દ્ર ! આ વિદુર તમારી આજ્ઞાથી આવ્યા છે અને તમારા ચરણના દર્શનની ઈચ્છા રાખે છે. તે સંબંધી મને આજ્ઞા આપો. ૩-૪

ધૃતરાષ્ટ્ર બોલ્યા :- એ વિદુરનાં દર્શનને માટે કદી પણ અસમર્થ નથી. તું એ દીર્ઘદર્શી અને મહાનબુદ્ધિમાન એવા વિદુરજીને અંદર લઈ આવ. ૫

દ્વારપાલે કહ્યું :- હે વિદુર ! તમે બુદ્ધિમાન મહારાજાના અંતઃપુરમાં પ્રવેશ કરો, કેમ કે તમને મળવા તે પોતે હમેશાં તૈયાર જ છે, એમ રાજાએ મને કહ્યું છે. ૬

પછી વિદુરે ધૃતરાષ્ટ્રના ભવનમાં પ્રવેશ કર્યો અને ચિંતા કરી રહેલા એ મહારાજાને બે હાથ જોડીને કહ્યું કે, હે મહાજ્ઞાની ! હું વિદુર તમારી આજ્ઞાથી તમારી પાસે આવ્યો છું. જો કાંઈ કામ કરવાનું હોય તો મને આજ્ઞા કરો. ૭-૮

ધૃતરાષ્ટ્રે કહ્યું :- હે વિદુર ! સંજય અહીં આવ્યો હતો અને મારી નિંદા કરીને ચાલ્યો ગયો છે, તે કાલે અજાતશત્રુ યુધિષ્ઠિરનો સંદેશો સભામાં કહેશે, એ વીરપુરૂષ એવા યુધિષ્ઠિરનું શું કહેવું છે ? તેની મને હજુ સુધી ખબર નથી, તેથી મારા ગાત્રો બળે છે. અને મારી ઉંઘ હરામ થઈ ગઈ છે. ૯-૧૦

હે વિદુર ! હું ઉજાગરાથી બળી રહ્યો છું. તુંજ અમારામાં ધર્મ તથા અર્થમાં કુશળ છે. તો મારે માટે તને જે હિતકારી જણાતું હોય તે તું મને કહે. સંજય પાંડવોની પાસેથી આવ્યો છે ત્યારથી મારા મનને ખરી શાંતિ રહેતી



નથી અને સર્વ ઈન્દ્રિયો અસ્વસ્થ થઈ ગઈ છે. કારણ કે કાલે સંજય શું કહેશે ? તેની જ મને તીવ્ર ચિંતા થયા કરે છે. ૧૧-૧૨

વિદુર બોલ્યા :- ઉજાગરા તો બળવાન મનુષ્યથી દબાયેલા સાધન રહિત દુર્બળ મનુષ્યને થાય, જેનું ધન હરાઈ ગયું હોય, જે કામી હોય, જે ચોર હોય તેને થાય. હે રાજન્ ! આ મહાન દોષો તો તમને સ્પર્શ્યા નથી ને ? અથવા તમે બીજાના ધનમાં દાઢ રાખીને બળતા તો નથી ને ? ૧૩-૧૪

ધૃતરાષ્ટ્રે કહ્યું :- આ રાજર્ષિવંશમાં તું એકલો જ વિદ્વાનોમાં માન્ય છે, માટે હું તારાં ધર્મયુક્ત અને પરમ કલ્યાણકારી વચન સાંભળવા ઈચ્છું છું. ૧૫

પંડિતનાં લક્ષણ :- જે હમેશાં પ્રશંશાપાત્ર કર્મો કરે છે, ક્યારેય નિંદા પાત્ર કર્મો કરતો નથી, જે આસ્તિક છે અને જે શ્રદ્ધાવાન છે તેને પંડિતનાં લક્ષણવાળો જાણવો. ૧૬

ક્રોધ, હર્ષ, અન્યની અવજ્ઞા, લજ્જા, અકડતાપણું અને અહંતા એ જેને પુરૂષાર્થથી પણ ભ્રષ્ટતા નથી, તે જ પંડિત કહેવાય છે. ૧૭

જેનાં કરવા ધારેલા કૃત્યને અથવા જેના કરી રાખેલા વિચારને બીજા કોઈ જાણતા નથી પણ જેના સિદ્ધ થયેલા કાર્યને જ બીજાઓ જાણે છે, તે જ પંડિત છે. ૧૮

જેના કાર્યમાં ટાઢ, તાપ, ભય, પ્રીતિ, સમૃદ્ધિ અને અસમૃદ્ધિ વિઘ્ન કરી શકતાં નથી, જેની વ્યવહારિક બુદ્ધિ ધર્મ તથા અર્થને અનુસરે છે અને કામથી અર્થને પ્રાપ્ત કરે છે, તેને પંડિત કહેલા છે. પંડિત બુદ્ધિવાળા પુરૂષો પોતાની શક્તિ પ્રમાણે કામ કરવાની ઈચ્છા રાખે છે, યથાશક્તિ કામ કરે છે અને તેઓ કોઈનું પણ અપમાન કરતા નથી. વળી તે ઝટ સમજી જાય છે. છતાં તે ઘણીવાર સુધી સામાનું બોલવું ધીરજથી સાંભળે છે, તે સમજણ પૂર્વક કામને અળગો રાખીને અર્થને સ્વીકારે છે, અને તે પારકાના કામમાં હાથ નાખતા નથી તેમ ખાલી બડબડાટ પણ કરતા નથી તેને પંડિત કહેલા છે. વળી પંડિત બુદ્ધિવાળા પુરૂષો અપ્રાપ્ય વસ્તુની અભિલાષા કરતા નથી, નાશ પામેલી વસ્તુનો શોક કરતા નથી અને આપત્તિમાં પણ મુંઝાતા નથી, વળી જે નિર્ધારપૂર્વક કાર્ય આરંભે છે, જે કાર્યની વચ્ચે અટકી પડતો નથી, જે

સમયને વ્યર્થ જવા દેતો નથી, અને જે મનને વશ રાખે છે. તેજ પંડિત કહેવાય છે. ૧૯-૨૪

હે ભરતશ્રેષ્ઠ ! પંડિતો સત્પુરૂષોને યોગ્ય એવાં કર્મોમાં પ્રીતિ રાખે છે, ઐશ્વર્યની પ્રાપ્તિ માટે કર્મો કરે છે અને કોઈના હિતનો દ્વેષ કરતા નથી, વળી જે પોતાના સન્માનથી રાજી થતા નથી અને અપમાનથી ઉદ્વેગ કરતા નથી, પણ જે ગંગાધારાની પેઠે ગંભીર રહે છે. તે પંડિત કહેવાય છે. ૨૫-૨૬

જે પ્રાણીમાત્રના તત્ત્વોનો જ્ઞાતા છે, કર્મમાત્રના યોગનો વેત્તા છે, મનુષ્યમાત્રના ઉપાયોનો જાણકાર છે, જેની વાણી અસ્ખલિત વહેનારી છે, લોકકથાનો જાણકાર છે, તર્કશીલ છે, પ્રભાવશક્તિવાળો છે અને જે ગ્રંથને બરાબર સમજાવી શકે છે, તે પંડિત કહેવાય છે. ૨૭-૨૮

શાસ્ત્ર જેની બુદ્ધિને આવકારે છે તથા જેની બુદ્ધિ શાસ્ત્રને અનુસરે છે અને પૂજ્ય પુરૂષોએ બાંધેલી મર્યાદા ઓળંગતો નથી તેને પંડિત કહેલા છે. ૨૯

મૂર્ખનાં લક્ષણ :- જે શાસ્ત્રહીન હોવા છતાં મહાઅભિમાની છે, જે દરિદ્રી હોવા છતાં મોટાં કામોનો સંકલ્પ કરે છે, અને જે હીન કર્મથી ધનસંપત્તિ મેળવવા ઈચ્છે છે, તેને પંડિતો મૂર્ખ કહે છે. ૩૦

જે પોતાનું કામ છોડીને પારકાનું કામ લઈ બેસે છે, અને જે મિત્રને માટે મિથ્યા આચરણ કરે છે તે મૂર્ખ કહેવાય છે. વળી જે પોતાના ઉપર પ્રેમ વગરનાને ચાહે છે અને પ્રેમ રાખનારનો ત્યાગ કરે છે તથા જે બળવાનનો દ્વેષ કરે છે, તેને પંડિતો મૂઢ બુદ્ધિવાળા કહે છે. ૩૧-૩૨

જે શત્રુને પોતાનો મિત્ર કરે છે, જે મિત્રનો દ્વેષ કરે છે તથા તેની હિંસા કરે છે અને જે દુષ્ટકર્મનો આરંભ કરે છે, તેને પંડિતો મૂર્ખબુદ્ધિ કહે છે. વળી હે ભરતશ્રેષ્ઠ ! જે પોતે કરવાનાં કામો સેવક વગેરે પાસે કરાવે છે, જે જ્યાં ત્યાં શંકા કરે છે અને જે તરત કરવાનાં કામમાં વિલંબ કરે છે તે મૂર્ખ છે ૩૩-૩૪

જે પિતૃઓનું શ્રાદ્ધ અને દેવોની પૂજા કરતો નથી અને જેને મિત્ર મળતો નથી તેને પંડિતો મૂર્ખબુદ્ધિ કહે છે. જે વણ બોલાવ્યો અંદર આવે છે, વણ પુછ્યે વચ્ચે બોલે છે અને વિશ્વાસપાત્ર નહિ એવા પર વિશ્વાસ રાખે છે. તે અધમ મનુષ્ય મૂઢ બુદ્ધિવાળો છે. વળી બીજાના દોષ જોઈને તેની નિંદા કરે છે, છતાં પોતે જ તેવું દોષમય વર્તન રાખે છે અને જે અસમર્થ છતાં ક્રોધ કરે છે તે પુરૂષ પણ મૂઢબુદ્ધિવાળો હોઈ મૂર્ખનો શીરોમણી છે. ૩૫-૩૭

વળી જે પુરૂષ ધર્મ તથા અર્થથી રહિત એવા પોતાના બળને જાણતો નથી અને માત્ર હાથ પગ જોડી રાખીને અલભ્ય વસ્તુની ઈચ્છા કરે છે, તેને આ લોકમાં મૂઢબુદ્ધિવાળા કહેવામાં આવે છે. ૩૮

હે રાજા ! જે પોતાનો શિષ્ય ન હોય તેને ઉપદેશ આપે છે, જે છાની રીતે રાજરાણીઓને સેવે છે અને જે કંજુસની સેવા કરે છે તેને પંડિતો મૂઢબુદ્ધિવાળો કહે છે. મહાન અર્થ, વિદ્યા અથવા ઐશ્વર્ય મેળવીને પણ જે ઉદ્ધતાઈ રહિત જીવન જીવે છે તે પંડિત કહેવાય છે. ૩૯-૪૦

ક્રુરનાં લક્ષણ :- જે મનુષ્ય પોતાના સેવક આદિ પરિવારને બહાકાત રાખીને પોતે સારૂં ભોજન જમે છે, અને સારાં સારાં વસ્ત્રો પહેરે છે, તેના કરતાં વધારે ઘાતકી બીજો કોણ છે ? કોઈ મનુષ્ય પાપ કરે છે, પણ તેનું ફળ મોટા માણસને ભોગવવાનું આવે છે. ફળ ભોગવનારાઓ તો પાપથી છૂટી જાય છે, પણ કર્તાને પાપનો દોષ ચોંટી જ રહે છે. ૪૧-૪૨

બુદ્ધિની શક્તિ :- ધનુષધારીએ મૂકેલું બાણ કોઈને મારે કે ન પણ મારે પરંતુ બુદ્ધિમાને યોજેલી બુદ્ધિ તો રાજા સાથે રાષ્ટ્રનો પણ નાશ કરી નાખે, એક બુદ્ધિ (બીજું) કાર્ય તથા અકાર્યનો નિશ્ચય કરો, (ત્રણ) મિત્ર, ઉદાસીન તથા શત્રુ, (ચાર) સામ, દામ, દંડ તથા ભેદ) થી વશ કરો. (પાંચ) જ્ઞાનેન્દ્રિય ઉપર જય મેળવવો, (છ) સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ તથા આશ્રયને સમજી લો, (સાત) સ્ત્રીસંગ, દ્યુત, મૃગયા, મદ્યપાન, કઠોર વાણી, ક્રુર દંડ, તથા દ્રવ્યના અપવ્યયનો ત્યાગ કરો. આમ કરીને તમે સુખી થાઓ. ૪૩-૪૪

ઝેરનો રસ એકને મારે છે અને શસ્ત્રથી એક જ માર્યો જાય છે, પરંતુ રાજાની મંત્રણામાં કદી ગોટાળો વળે તો તેથી તે પ્રજા અને રાષ્ટ્ર સહિત રાજાનો નાશ થાય છે. ૪૫

એક પદાર્થનું વિવેચન :- એકલાએ સ્વાદિષ્ટ ભોજન જમવું નહિ,

એકલાએ કોઈ કાર્યનો વિચાર કરવો નહિ, એકલાએ પંથ કાપવો નહિ અને ઘણાં સૂતા હોય ત્યાં એકલાએ જાગતા બેસવું નહિ, હે રાજન ! તમે જાણતા નથી કે જેમ સમુદ્રને તરવા માટે નૌકા જ એકમાત્ર વાહન છે, તેમ સત્ય ભાષણ એ જ સ્વર્ગની એક અદ્વિતીય સીડી છે અને સત્યબ્રહ્મ જ મોક્ષનું એક અદ્વિતીય સાધન છે. ૪૬-૪૭

ક્ષમાવાન મનુષ્યમાં એક જ દોષ સંભવે છે, બીજો દોષ તેનામાં ઘટતો નથી, કેમ કે ક્ષમાવાન મનુષ્યને લોકો અશક્ત માને છે, પણ ક્ષમાશીલની ક્ષમાને દોષ ન માનવો જોઈએ, કારણ કે ક્ષમા એ જ મહાન બળ છે, અશક્તોને માટે ક્ષમા ગુણરૂપ છે, તો સમર્થોને માટે ક્ષમા એ આભૂષણરૂપ છે. ૪૮-૪૯

ક્ષમા એ જગતમાં વશીકરણ છે, ક્ષમા વડે શું સાધ્ય થતું નથી ? અરે ! જેના હાથમાં શાંતિરૂપી ખડગ છે, તેને દુર્જન શું કરી શકશે ? કેમ કે ઘાસ વિનાની જગ્યામાં પડેલો અગ્નિ તો આપમેળે જ ઓલવાઈ જાય છે, ક્ષમા વિનાનો મનુષ્ય પોતાને તેમ જ બીજાને અનેક દોષવાળો કરે છે. ૫૦-૫૧

એક ધર્મ જ પરમ કલ્યાણરૂપ છે, એક ક્ષમા જ ઉત્તમ શાંતિરૂપ છે, એક વિદ્યા જ પરમ તૃપ્તિરૂપ છે અને એક અહિંસા જ સુખને આપનારી છે. ૫૨

બે પદાર્થોનું વિવેચન :- સર્પ જેમ દરમાં પડી રહેનારાં પ્રાણીઓને ગળી જાય છે, તેમ પૃથ્વી, શત્રુની સાથે વિરોધ ન કરનારો રાજા અને પ્રવાસ ન કરનારો બ્રાહ્મણ એ બન્નેને ગળી જાય છે. કઠોર વાણી ન બોલવી અને દુષ્ટની પૂજા ન કરવી, એ બે કર્મ કરનારો મનુષ્ય આલોકમાં વિશેષ શોભે છે. ૫૩-૫૪

હે પુરૂષવ્યાઘ્ર ! એકે પૂજેલાને પૂજનારો લોક, અને એક સ્ત્રીએ કામના કરેલા પુરૂષની કામના કરનારી સ્ત્રીઓ, એ બન્ને પારકાના વિશ્વાસે કામ કરે છે, જે નિર્ધન છતાં અનેક પદાર્થોની કામના કરે છે અને અસમર્થ છતાં જે ક્રોધ કરે છે, એ બન્ને વાત શરીરને શોષી નાખનાર તીક્ષ્ણ કાંટારૂપ છે. ૫૫-૫૬

ગૃહસ્થ હોઈને નિરુદ્યોગી રહેનાર અને સંન્યાસી થઈને કાર્ય કરનાર,



એ બન્ને વિપરીત કર્મ કરવાથી શોભતા નથી. હે રાજન્ ! સમર્થ હોવા છતાં જે ક્ષમાવાન છે અને દરિદ્રી હોવા છતાં જે દાતા છે એ બન્ને પુરૂષો સ્વર્ગની ઉપર રહે છે. ૫૭-૫૮

ન્યાયથી મેળવેલું દ્રવ્ય અપાત્રને આપવું અને પાત્રને ન આપવું, એ બે તેના દુરુપયોગ જાણવા, ધનવાન હોવા છતાં જે દાતા નથી, અને દરિદ્રી હોવા છતાં જે તપસ્વી નથી, એ બન્નેના ગળે મજબૂત શિલા બાંધીને પાણીમાં ડુબાડી દેવા. હે રાજન્ ! યોગ યુક્ત સંન્યાસી અને યુદ્ધમાં સામે મોઢે મૃત્યુને ભેટનારો વીર એ બન્ને સૂર્યમંડળ ભેદીને ઉપર જાય છે. ૫૯-૬૧

ત્રણ પદાર્થોનું વિવેચન :- હે ભરતશ્રેષ્ઠ ! મનુષ્યોને વશ કરવામાં ઉત્તમ સામ, મધ્યમ દામ તથા દંડ અને કનિષ્ઠ ભેદ એ ત્રણે ઉપાયો સંભળાય છે, એમ વેદવેત્તાઓ જાણે છે. હે રાજા ! ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ પ્રકારના પુરૂષો હોય છે, એટલે તેઓની યોગ્યતા પ્રમાણે પૂર્વોક્ત ત્રણ કર્મમાં યોજના કરવી જોઈએ. (ત્યારે તમે કર્ણ જેવાને મંત્રી કરી બેઠા છો.) ૬૨-૬૩

હે રાજન્ ! સ્ત્રી, દાસ અને પુત્ર એ ત્રણ ધનનાં અધિકારી નથી. કારણ કે તેઓ જે ધન મેળવે છે, તે ધન તો તેઓ જેનાં હોય તેનું છે. પરદ્રવ્યનું હરણ, પરસ્ત્રીની છેડ અને હિતેષીનો પરિત્યાગ કરવો, એ ત્રણ દોષો નાશ કારક છે. ૬૪-૬૫

કામ, ક્રોધ અને લોભ એ ત્રણે નરકના દ્વાર છે અને પોતાનો વિનાશ લાવનાર છે. માટે એ ત્રણેનો ત્યાગ કરવો. હે ભારત ! વરપ્રદાન, રાજ્ય અને પુત્ર જન્મ આ ત્રણ એક તરફ અને બીજી તરફ શત્રુને કપટમાંથી મુક્ત કરવો એ બન્ને સમાન છે. ૬૬-૬૭

જે પોતાનો ભક્ત છે, જે પોતાનો સેવક છે અને જે હું તમારો છું એ પ્રમાણે બોલે છે એ ત્રણ જો શરણે આવ્યા હોય, તો પોતાની વિષમ સ્થિતિમાં પણ તેમનો ત્યાગ કરવો નહિ. ૬૮

ચાર પદાર્થોનું સેવન :- વિદ્વાનો કહે છે કે મહાબળવાન રાજાએ આ ચારનો ત્યાગ કરવો જોઈએ. અલ્પબુદ્ધિવાળાની સાથે, દીર્ઘસૂત્રીની સાથે, હર્ષવેગમાં આવેલાની સાથે અને ભાટાઈ કરનારાઓની સાથે ગુપ્ત વિચાર

કરવો નહિ. ૬૯

હે તાત ! તમારા જેવા ઐશ્વર્ય સંપન્ન ગૃહસ્થાશ્રમીને ઘરમાં વૃદ્ધ સંબંધી, વિપત્તિમાં આવેલો કુલીન, દ્રરીદ્રી મિત્ર, અને સંતાન રહિત બહેન એ ચાર રહેવાં જોઈએ. ૭૦ (કારણ કે વૃદ્ધ કુળધર્મનો ઉપદેશ આપે છે, કુલીન બાળકોને આચાર શીખવે છે, મિત્ર હિતની વાત કહે છે અને બહેન ધનનું રક્ષણ કરે છે.)

હે મહારાજ ! દેવરાજ ઈન્દ્રના પૂછવાથી બૃહસ્પતિએ તત્કાલ ફળ આપનારી ચાર વસ્તુઓ બતાવી છે. દેવતાઓનો સંકલ્પ, બુદ્ધિમાનોનો પ્રભાવ, વિદ્વાનોનો વિનય અને પાપીઓનો નાશ એ ચાર તમે જાણો. અગ્નિહોત્ર, મૌન, વેદાધ્યાન અને યજ્ઞ આ ચાર કર્મો અભય આપનારાં છે. પરંતુ તે જ કર્મો જો દંભથી કર્યા હોય તો ભય આપનારાં છે. ૭૧-૭૩

પાંચ પદાર્થોનું વિવેચન :- હે ભરતશ્રેષ્ઠ ! પિતા, માતા, અગ્નિ, આત્મા અને ગુરુ એ પાંચ અગ્નિની પેઠે ઉપાસના કરવા યોગ્ય છે, માટે મનુષ્યે તેમની પ્રયત્ન પૂર્વક સેવા કરવી. ૭૪

દેવ, પિતૃ, મનુષ્ય, ભિક્ષુક અને અતિથિ આ પાંચનું પૂજન કરવાથી મનુષ્યને આલોકમાં નિર્મળ યશ મળે છે. મિત્રો, શત્રુઓ, મધ્યસ્થો, ગુરુઓ અને સેવકો આ પાંચ તમે જ્યાં જ્યાં જશો ત્યાં ત્યાં તમારી પાછળ આવશે. પાંચ ઈન્દ્રિય વાળા મનુષ્યની જો એક ઈન્દ્રિય પણ છિદ્રવાળી (વિષયાસક્ત) હોય તો કાંણી પખાલમાંથી ટપકી જતાં પાણીની જેમ તેની બુદ્ધિ પણ એ વિષયભોગ દ્વારા બહાર ટપકી જાય છે. ૭૫-૭૭

છ પદાર્થો :- જગતમાં ઐશ્વર્ય મેળવવાની ઈચ્છાવાળા પુરુષે નિદ્રા, તંદ્રા, ભય, ક્રોધ, આળસ અને દીર્ઘસૂત્રીપણું આ છ દોષોનો ત્યાગ કરવો જોઈએ. ૭૮

ભાંગેલી નૌકાને જેમ સાગરમાં પડતી મૂકવામાં આવે છે, તેમ ઉપદેશ ન આપનાર આચાર્ય, અધ્યયન રહિત ઋત્વિજ, રક્ષણ ન કરનાર રાજા, અપ્રિય બોલનારી સ્ત્રી, ગામમાં જ રહેવા ઈચ્છતો ગોવાળ અને વનમાં રહેવાની ઈચ્છાવાળો વાળંદ આ છને છોડી દેવા. ૭૯-૮૦

સત્ય, દાન, ઉદ્યોગીપણું, ઈર્ષ્યારહિતપણું, ક્ષમા અને ધૈર્ય, આ છ ગુણોને પુરૂષે કદાપી છોડવા નહી. ૮૧

હે રાજન્ ! નિત્ય ધનની પ્રાપ્તિ, આરોગ્ય, પોતાને પ્રિય, પ્રિયવાદીની પત્ની, આજ્ઞાધારી પુત્ર અને દ્રવ્ય આપનારી વિદ્યા આ છ આ લોકમાં સુખ આપનાર છે. ૮૨

જે મનુષ્ય પોતાને વિષે નિત્ય રહેનારા કામ, ક્રોધ, શોક, મોહ, મદ અને માન એ છના ઉપર પોતાની સત્તા બેસાડે છે, તે જિતેન્દ્રિય છે અને તે પાપથી ડરતો નથી તેથી તેને અનર્થનો સંબંધ હોય જ ક્યાંથી ?. ૮૩

ચોર લોકો હમેશાં ગાફલ મનુષ્ય પર જીવિકા ચલાવે છે, વૈદ્યો રોગીઓ પર જીવિકા ચલાવે છે, પ્રમદાઓ કામી પુરૂષો પર જીવિકા ચલાવે છે, ગોર યજમાનો પર જીવિકા ચલાવે છે, રાજા ઝગડનારાઓ પર જીવિકા ચલાવે છે, અને પંડિતો મૂર્ખો પર જીવિકા ચલાવે છે, આમ આ છની આગળના છને આધારે આજીવિકા છે. ૮૪-૮૫

ગાયો, ચાકરી, ખેતી, સ્ત્રી, વિદ્યા અને શુદ્રની સંગતી આ છ તરફ જરા પણ બેદરકારી રખાય તો તે વિનાશ પામે છે. ૮૬

ભણી રહેલા શિષ્યો આચાર્યને, પરણેલા પુત્રો માતાપિતાને, કામરહિત થયેલો પુરૂષ સ્ત્રીને, કૃતાર્થ થયેલો પુરૂષ કાર્યપ્રયોજકને, દુસ્તર જળને તરી ગયેલો નૌકાને અને રોગથી મુક્ત થયેલો વૈદ્યને ભૂલી જાય છે. ૮૭-૮૮

હે રાજન્ ! આરોગ્ય, કરજ વિનાની સ્થિતિ, રઝળપાટ ન હોતાં સ્વસ્થાનમાં નિવાસ, સારા મનુષ્યોની સંગતી, પોતાને અનુકૂળ જીવિકા અને નિર્ભય વાસ આ છ જીવલોકનાં સુખ છે. ઈર્ષ્યાખોર, દયાળુ, અસંતોષી, ક્રોધી, નિત્ય શંકાશીલ અને પારકાના ભાગ્ય પર જીવનાર આ છ નિત્ય દુઃખી છે. ૮૯-૯૦

સાત પદાર્થો :- સ્ત્રીસંગ, દ્યુત, મૃગયા, મદ્યપાન, કઠોરવાણી, કઠોરશિક્ષા અને સાતમી પૈસાની ખુવારી આ દુઃખ આપનાર હોવાથી રાજાએ સર્વદા ત્યજવા. કારણ કે બરાબર સ્થિર થયેલા રાજાઓ પણ બહુધા એ દોષો વડે વિનાશ પામે છે. ૯૧-૯૨

આઠ પદાર્થો :- જે મનુષ્યોનો વિનાશ નજીક આવ્યો હોય તેનાં આ

આઠ પૂર્વચિહ્નો હોય છે. તે પ્રથમ બ્રાહ્મણોનો દ્વેષ કરે, બ્રાહ્મણોની સાથે વિરોધ કરે, બ્રાહ્મણોનું ધન હરણ કરે, બ્રાહ્મણોને મારવાની ઈચ્છા કરે, બ્રાહ્મણોની નિંદાથી ખુશી થાય છે. બ્રાહ્મણોની પ્રશંસાને અભિનંદન આપતો નથી. કાર્યોમાં બ્રાહ્મણોને સંભાળતો નથી. અને બ્રાહ્મણો યાચના કરે ત્યારે તેમના દોષ કાઢે છે. માટે ડાહ્યા પુરૂષોએ આ દોષોને જાણી લેવા અને એનો ત્યાગ કરવો. ૯૩-૯૫

હે ભારત ! મિત્રોનો સમાગમ, મહાન ધનપ્રાપ્તિ, પુત્રનું આલિંગન, મૈથુનમાં સ્ત્રીપુરૂષનો સાથે જ વીર્યસ્રાવ, સમયસર પ્રિય ભાષણ, પોતાની જ્ઞાતિમાં પોતાનો અભ્યુદય, ઈચ્છિત વસ્તુનો લાભ અને જન સમુદાયમાં સન્માન આ આઠ આલોકમાં વર્તમાન જોવામાં આવે છે. દૂધના સારરૂપ માખણ અને સાકરની પેઠે હર્ષના સારરૂપ છે. અને પોતાનાં સુખને માટે કારણભૂત છે. ૯૬-૯૮

બુધ્ધિ, કુલીનતા, ઈન્દ્રિય નિગ્રહ, શાસ્ત્રનું જ્ઞાન, પરાક્રમ, પરિમિત ભાષણ, યથાશક્તિ દાન અને કૃતજ્ઞતા આ આઠ ગુણો પુરુષોને દીપાવે છે. ૯૯

નવ પદાર્થો :- આ શરીરરૂપી ઘરને નવ દ્વાર છે. અવિદ્યા, કામ અને કર્મ એ સ્થંભ છે, શબ્દાદિક પાંચ વિષયો એના સાક્ષી છે અને જીવ એમાં ઘરના માલિક તરીકે નિવાસ કરે છે. જે વિદ્વાન આ ઘરને યથાર્થ રીતે જાણે છે, તે સર્વોત્તમ બ્રહ્મવેત્તા છે. ૧૦૦

દશ પદાર્થો :- હે ધૃતરાષ્ટ્ર ! સાંભળો, દશ જણા ધર્મને જાણતા નથી, મદ્ય વગેરેથી ગાંડો થયેલો, બીજા વિષયમાં આસક્ત થવાથી અસાવધ, ધાતુદોષથી વિકળ થયેલો, થાકી ગયેલો, ક્રોધે ભરાયેલો, ભૂખ્યો, ઉતાવળો, લોભિયો, બીકણ અને કામી. તેથી પંડિતે એમાનાં કોઈની પણ સંગતી કરવી નહિ. ૧૦૧-૧૦૨

## સુધન્વાએ પુત્રોને આપેલો ઉપદેશ

આ વિષયમાં અસુરરાજ સુધન્વાએ પોતાના પુત્રને જે પ્રાચીન ઈતિહાસ કહ્યો છે, જે રાજા કામ તથા ક્રોધનો ત્યાગ કરે છે, સુપાત્રને ધન આપે છે, તારતમ્યતા જાણે છે, શાસ્ત્રોને જાણે છે અને ઝટ વિચારેલું કામ કરે છે. તેને સર્વલોક પ્રમાણરૂપ માને છે. ૧૦૩-૧૦૪

જે રાજા મનુષ્યોને વિશ્વાસમાં લેવાનું જાણે છે, જેનો અપરાધ જાણવામાં આવ્યો હોય તેમને દંડ આપે છે. અને જે અપરાધ પ્રમાણે શિક્ષા તથા ક્ષમા કરવાનું જાણે છે, તે રાજાને સમગ્ર લક્ષ્મી સેવે છે. જે રાજા કોઈ અતિ દુર્બળનું પણ અપમાન કરતો નથી, જે શત્રુનાં છિદ્ર જાણવા માટે બુદ્ધિપૂર્વક તથા સાવધાનીથી વર્તે છે, જે બળવાનોની સાથે યુદ્ધ કરવાને ઈચ્છતો નથી અને સમય આવતાં પરાક્રમ કરે છે, તેને ધીર સમજવો. ૧૦૫-૧૦૬

જે રાજા આપત્તિ આવતાં કદી ગભરાતો નથી, જે સાવધાન રહીને નિત્ય ઉદ્યોગ ઈચ્છે છે અને આવી પડેલાં દુઃખને સહન કરે છે, તે ધુરંધર મહાત્મા છે. અને તેના શત્રુઓ જીતાયેલા જ છે. ૧૦૭

જે ઘર છોડીને ફોગટ પ્રવાસ કરતો નથી, પાપીઓ સાથે મિત્રતા કરતો નથી, પરસ્ત્રીનું સેવન કરતો નથી, અને જે રાજા દંભ, ચોરી, ચાડિયાપણું તથા મદ્યપાન કરતો નથી, તે સદૈવ સુખી રહે છે. જે મનુષ્ય ક્રોધ કરીને ધર્મ, અર્થ તથા કામનો આરંભ કરતો નથી, જે કોઈના પૂછવાથી સાચું જ કહે છે, જે મિત્રને માટે નાહક ઝઘડો વિવાદ કરવા ઈચ્છતો નથી અને જે પોતાનો સત્કાર ન થાય તો પણ ગુસ્સે થતો નથી. તે જ વિદ્વાન છે. ૧૦૮-૧૦૯

જે ઈર્ષ્યા કરતો નથી, દયા રાખે છે, દુર્બળ ન હોવા છતાં બીજાની સાથે વિરોધ કરતો નથી, મર્યાદા છોડી કદી બોલતો નથી અને બીજા કોઈ ઉલટું બોલે તો તેને સહન કરે છે, તે પુરૂષ પ્રશંસા પામે છે. જે કદી ખરાબ વેશ ધારતો નથી, પોતાનાં પરાક્રમને આગળ કરીને બીજાની નિંદા કરતો નથી અને જે પોતે ખિજાયો હોય છતાં બીજાને જરા પણ કડવાં વચન કહેતો નથી, તે પુરૂષ સદૈવ પ્રિય છે. ૧૧૦-૧૧૧

જે મનુષ્ય શાંત થયેલા વૈરને ફરી જગાડતો નથી, ચઢતી થતાં ગર્વ કરતો નથી, અને પડતી થવાથી ઓલવાઈ જતો નથી અને હું દુર્બળ સ્થિતિમાં છું, એમ માનીને અયોગ્ય કામ કરતો નથી તેને આર્યપુરૂષો ઉત્તમ શીલવાન કહેલો છે. જે મનુષ્ય પોતાના સુખમાં હર્ષઘેલો થતો નથી, બીજાના દુઃખમાં

રાજી થતો નથી, અને જે કોઈને કાંઈ આપ્યા પછી પશ્ચાતાપ કરતો નથી તે મનુષ્ય લોકમાં આર્યશીલ સત્પુરૂષો કહેવાય છે.૧૧૨-૧૧૩

જે પુરૂષ જુદા જુદા દેશના આચાર, જુદી જુદી ભાષાના ભેદો, જાતિના ધર્મો, ઉત્તમ અને અધમના વિવેકને જાણે છે, તે ઐશ્વર્ય મેળવવાની ઈચ્છાથી જ્યાં જાય ત્યાં સમાજનો પ્રધાન થાય છે. ૧૧૪

દંભ, મોહ, મત્સર, પાપકૃત્ય, રાજાને અપ્રિય હોય તે, ચાડી, સમુદાય સાથે વેર, મત્ત, ઉન્મત્ત તથા દુર્જન સાથે વિવાદ, આટલાંનો જે ત્યાગ કરે છે, તે શ્રેષ્ઠ બુદ્ધિમાન ગણાય છે. ૧૧૫

દાન, હોમ, દેવકર્મ, મંગલકર્મ, પ્રાયશ્ચિત્તો અને વિવિધ ભાષણો એટલું જે નિત્ય કરે છે, તેનો દેવતાઓ અભ્યુદય કરે છે. જે મનુષ્ય વિવાહ, મિત્રતા, વ્યવહાર અને વાતચીત પોતાના સમાનની સાથે કરે છે પણ હલકાની સાથે કરતો નથી, અને જે પોતાના કરતાં અધિક ગુણવાળાનો સત્કાર કરે છે, તે વિદ્વાનની નીતિ ઉત્તમ પ્રકારે સિધ્ધિ પામે છે. ૧૧૬-૧૧૭

જે મનુષ્ય આશ્રિતજનોને વહેંચી આપ્યા પછી પોતે માપસર ભોજન કરે છે. જે અમાપ કાર્ય કરીને માપની ઉંઘ લે છે અને શત્રુઓ યાચના કરે તો પણ તેને આપે છે. તે વશ ચિત્તવાળા મનુષ્યને અનર્થો ત્યજી જાય છે. ૧૧૮

જે મનુષ્યના કરવા ધારેલાં કામને તથા આરંભેલા કામને બીજા લોકો જરા પણ જાણતા નથી અને જે મંત્રણાને ગુપ્ત રાખીને સારી રીતે કાર્યને પાર પાડે છે, તેનું કાર્ય જરા સરખું પણ બગડતું નથી. જે સર્વ પ્રાણીને શાંતિ મળે એ હેતુથી યત્ન કરે છે, સાચો છે, કોમળ છે, માન આપનારો અને શુદ્ધ ભાવવાળો છે, તે પોતાની જ્ઞાતિમાં અત્યંત પ્રસિદ્ધ થાય છે. જેવી રીતે ખાણમાંથી ઉત્પન્ન થયેલો મહામણી હોય. ૧૧૯-૧૨૦

જે પોતાનું દુષ્કર્મ બીજા કોઈએ જાણ્યું ન હોય, છતાં પોતે પોતાની મેળે જ અત્યંત લજ્વાય (પસ્તાય) છે, તે નિર્મળ મનવાળો સાવધાન પુરૂષ સર્વ લોકોનો ગુરુ થાય છે, અને પોતાના તેજ વડે અનંત તેજસ્વી સૂર્યની પેઠે પ્રકાશે છે. ૧૨૧

હે અંબિકાનંદન ! શાપથી બળી ગયેલા પાંડુરાજાના પાંચ ઈન્દ્રના જેવા પાંચ પુત્રો વનમાં ઉત્પન્ન થયા છે. એ બાળકો તમારે હાથે જ ઉછરીને મોટા થયા છે, તેમજ શિક્ષિત થયા છે. તેઓ તમારી આજ્ઞાનું પાલન કરે છે. તો હે તાત ! તમે તેમને યોગ્ય રાજ્યભાગ આપો અને પુત્રોની સાથે આનંદ પામી સુખી થાઓ. હે નરેન્દ્ર ! દેવોમાંથી અને મનુષ્યોમાંથી કોઈ પણ તમારા ઉપર શંકા લાવશે નહિ. ૧૨૨-૧૨૩

ઈતિ શ્રીમહાભારતે ઉદ્યોગપર્વ અંતર્ગત પ્રજાગરપર્વમાં
વિદુરનીતિવાક્યનો પ્રથમો અધ્યાયઃ ॥૧॥

## -: અધ્યાય :- ૨

ધૃતરાષ્ટ્ર બોલ્યા :- હે તાત ! મને ઊંઘ આવતી નથી અને હું ચિંતાથી બળી રહ્યો છું તેથી તને જે કાર્ય યોગ્ય લાગતું હોય તે મને કહે. સાચે જ અમારામાં તું ધર્મ તથા અર્થમાં કુશળ છે. હે ઉદારચિત્ત વિદુર ! જે અજાતશત્રુ યુધિષ્ઠિરને હિતકારી તથા કૌરવોને માટે શ્રેયસ્કર હોય તે સર્વ તું મને વિચાર પૂર્વક અને સારી રીતે કહે. ૧-૨

મને ભાવી દુઃખની ફાળ રહે છે અને મારા પૂર્વના અપરાધો જોઈને હું ગભરાઈ રહ્યો છું, વ્યાકુળ ચિત્ત હું તને પૂછું છું, તો હે સર્વજ્ઞ ! અજાતશત્રુ યુધિષ્ઠિર શું કરવા ધારે છે તે બધું મને યથાવત્ કહે. ૩

વિદુર કહ્યું :- આપણે જેનો પરાભવ ન ઈચ્છતા હોઈએ, તેને તો વગર પૂછ્યે પણ હિતની વાત કહેવી, પછી ભલે તે વાત શુભ હોય કે અશુભ હોય, કે રુચિકર હોય કે અરુચિકર હોય. ૪

હે રાજા ! કૌરવોને હિતકર, કલ્યાણકારી તેમજ ધર્મથી યુક્ત એવું વચન હું તમને કહું છું, તે તમે સાંભળો. ૫

હે ભારત ! જે કર્મો કપટ ભરેલાં હોય અને અયોગ્ય ઉપાયોથી સિદ્ધ થતાં હોય તે કર્મો વિશે તમે મન રાખશો નહિ. વળી ઉપાય વડે સિદ્ધ થાય તેવું કામ ઉપાયપૂર્વક કરતાં પણ સિદ્ધ થાય નહિ, તો બુદ્ધિમાન મનુષ્યે તે માટે મનમાં ખેદ લાવવો નહિ. ૬-૭

પ્રયોજન વાળાં કાર્યોમાં પ્રથમ પ્રયોજનોની અપેક્ષા રાખવી અને તે પ્રયોજનોનો નિશ્ચય કર્યા પછી જ કાર્યનો આરંભ કરવો. પણ આવેશથી સાહસકર્મ કરવું નહિ. કામના પ્રયોજનનો તેમના પરિણામનો અને પોતાના ઉદ્યમનો સારી પેઠે વિચાર કર્યા પછી જ ધીર પુરૂષે તે કામ કરવું કે ન કરવું.

८-९

જે રાજા પોતાનાં થાણાંઓ, નફો, તોટ, ભંડાર, દેશની સ્થિતિ અને દંડ તેનાં નિશ્ચિત પ્રમાણને જાણતો નથી, તે રાજ્યાસન પર ટકી શકતો નથી. પરંતુ જે રાજા ઉપર જણાવેલી બાબતોમાં શાસ્ત્રોક્ત પ્રમાણોને જાણે છે અને ધર્મ તથા અર્થ જાણવામાં તત્પર રહે છે, તે રાજ્ય ભોગવે છે. ૧૦-૧૧

પોતાને રાજ્ય મળ્યું છે, એટલે કાંઇ ફાવે તેમ વર્તાય નહિ, કેમ કે વૃદ્ધાવસ્થા જેમ ઉત્તમ રૂપનો નાશ કરે છે, તેમ અવિનય લક્ષ્મીનો નાશ કરે છે. ખાવાના ઉત્તમ પદાર્થોથી લપેટેલી આગળ પાછળની આંકડીને માછલું લોભથી ગળી જાય છે, પણ તેને આગળ પાછળનો વિચાર રહેતો નથી. ૧૨-૧૩

આથી સુખની ઇચ્છા રાખનારાએ એવું જ ગળવું જોઈએ કે, જે સુખેથી ગળી શકાય એમ હોય, જે ગળ્યા પછી સારી રીતે પચે એમ હોય અને જે પરિણામે હિતકર હોય, જે મનુષ્ય ઝાડનાં કાચાં ફળ તોડી લે છે, તે ફળોમાંથી રસ પામતો નથી, તેમ તે ઝાડનાં બીજનો પણ નાશ થાય છે. ૧૪-૧૫

પરંતુ જે મનુષ્ય વખતસર વધીને પાકેલાં ફળને લે છે, તે ફળમાંથી રસ મેળવી શકે છે. અને વળી બીજમાંથી ફરી ફળ મેળવે છે, જેમ ભમરો ફુલોનું જતન કરીને તેમાંથી મધ લઈ લે છે, તેમ બુદ્ધિમાને મનુષ્યોને પીડા કર્યા વિના તેમની પાસેથી દ્રવ્ય મેળવવું. ૧૬-૧૭

માળી બાગનાં ઝાડો ઉપરથી ફળ-ફુલ વીણે છે, પણ ઝાડનાં મૂળીયાં કાપતો નથી. આમ રાજાએ માળીની જેમ વર્તવું, પણ કોલસા પાડનારની જેમ ન જ વર્તવું. આ કામ કરવાથી મને શું ફળ મળશે ? અને આ ન કરવાથી મને શું ફળ મળશે ? એ પ્રમાણે કાર્યનો વિચાર કર્યા પછી જ પુરુષે કાર્ય કરવું અથવા ન કરવું. ૧૮-૧૯

કેટલાંક કાર્યો સર્વદા આરંભ કરી શકાય એવાં હોતાં નથી, એટલે તે સંબંધી કરેલો પુરુષાર્થ નિરર્થક જાય છે. આથી તેવાં કાર્યોનો આરંભ જ કરવો નહિ. ૨૦

સ્ત્રીઓ જેમ નપુંસક પતિને ચાહતી નથી, તેમ જે રાજાની કૃપા અને ક્રોધ નિષ્ફળ છે, તે રાજાને પ્રજા ચાહતી નથી. કેટલાંક કામો થોડી મહેનતે



મહાફળ આપે છે, ડાહ્યો મનુષ્ય તેવાં કામોનો તત્કાળ આરંભ કરે છે, અને તેમાં અંતરાયો નાખતો નથી. ૨૧-૨૨

જે રાજા સર્વપ્રજા તરફ સરળ અને સ્નેહભરી દૃષ્ટિએ જુવે છે, તે શાંત બેસી રહે તો પણ પ્રજા તેના ઉપર પ્રીતિ રાખે છે. જે ઝાડ ફુલથી ભરેલું હોય છતાં ફળ રહિત હોય અને પાક્યું ન હોય છતાં પાકેલાં જેવું જણાતું હોય, તે ઝાડ કદી નાશ પામતું નથી. ૨૩-૨૪

જે રાજા નેત્ર, મન, વાણી અને કર્મ એ ચાર પ્રકારની પ્રજાને પ્રસન્ન રાખે છે, તેના ઉપર પ્રજા રાજી રહે છે. પારધીથી જેમ મૃગો ત્રાસ પામે છે, તેમ જે રાજાથી સઘળી પ્રજા ત્રાસ પામે છે, તે રાજા સમુદ્ર પર્યંત પૃથ્વીનું રાજ્ય મેળવે તો પણ નાશ પામે છે. ૨૫-૨૬

જે રાજા બાપદાદાના રાજ્યને પામ્યો હોય, છતાં જો તે અન્યાયથી વર્તતો હોય તો વાયું જેમ વાદળોમાં મળી જઈને તેનો નાશ કરે છે. તેમ તે રાજા પોતાના કર્મ વડે તે રાજ્યનો નાશ કરે છે. ૨૭

પ્રથમથી જ જે રાજા સજ્જનોએ આચરેલા ધર્મ પ્રમાણે ચાલે છે, તેના રાજ્યકાળમાં પૃથ્વી ધનથી ભરપુર અને ઐશ્વર્યને વધારનારી થઈને વૃદ્ધિ પામે છે. ૨૮

પરંતુ જો રાજા ધર્મનો ત્યાગ કરીને અધર્મથી વર્તે તો તે જ પૃથ્વી અગ્નિમાં નાખેલા ચામડાની પેઠે સંકોચાઇ જાય છે. શત્રુના દેશને પાયમાલ કરવા જે પ્રયત્ન કરવામાં આવે છે, તે જ પ્રયત્ન પોતાના દેશના રક્ષણ માટે કરવો. ધર્મથી રાજ્ય મેળવવું અને ધર્મથી તેનું પરિપાલન કરવું, કારણ કે ધર્મથી મેળવેલી લક્ષ્મી જતી નથી તેમ ઓછી પણ થતી નથી. ૨૯-૩૧

જેમ પથ્થરમાંથી સોનું કાઢી લેવામાં આવે છે, તેમ સર્વમાંથી અરે !! ગાંડાના પ્રલાપમાંથી અને બાળકના બડબડાટમાંથી પણ સાર ગ્રહણ કરવો. ઉંછવૃત્તિથી જીવન જીવનારો માણસ જેમ ખેતરમાં પડેલાં ડુંડાં વીણી લે છે, તેમ ધીર મનુષ્યે સુભાષિત, સુક્તિ અને સદાચરણનો જ્યાં ત્યાંથી સંગ્રહ કરવો. ૩૨-૩૩

ગાયો ગંધથી જુએ છે, બ્રાહ્મણો વેદથી જુએ છે, રાજાઓ દૂતો દ્વારા જુએ છે, અને અન્ય મનુષ્યો નેત્રથી જુએ છે. હે રાજન્ ! જે ગાય મહાપરાણે

દોવા દે તેને માર પડે છે, પરંતુ જે ગાય સારી રીતે દેહવા દે છે, તેને કોઈ આંગળી સરખી પણ અડકાડતું નથી. અને વળી જે તપાવ્યા વિના વળે છે, તેને કોઈ તપાવતું નથી; જે લાકડું પોતે જ વળેલું હોય છે, તેને વાળવા માટે કોઈ તપાવતું નથી. ૩૪-૩૬

આ દૃષ્ટાંત પ્રમાણે ડાહ્યા મનુષ્યે બળવાનને નમીને ચાલવું, કારણ કે જે ભગવાનને નમે છે, તે બળના અધિષ્ઠાતા ઈન્દ્રદેવને જ પ્રણામ કરે છે. પશુઓનો રક્ષક મેઘ છે. રાજાઓના સહાયક મંત્રીઓ છે, સ્ત્રીઓના સહાયક પતિઓ છે અને બ્રાહ્મણના સહાયક વેદ છે. ૩૭-૩૮

સત્યથી ધર્મનું રક્ષણ થાય છે, અભ્યાસથી વિદ્યાનું રક્ષણ થાય છે, શરીર ચોળીને નાહ્વાથી રૂપનું રક્ષણ થાય છે અને સારાં વર્તનથી કુળનું રક્ષણ થાય છે. માપવાથી ધાન્યનું રક્ષણ થાય છે, પલોટવાથી ઘોડાનું રક્ષણ થાય છે, દેખભાળથી ગાયોનું રક્ષણ થાય છે અને જાડાં છતાં ઠાવકાં વસ્ત્રો પહેરવાથી સ્ત્રીઓનું રક્ષણ થાય છે. ૩૯-૪૦

મારૂં માનવું છે કે, સારા કુળમાં જન્મેલો મનુષ્ય પણ દુરાચારી હોય તો તે માન માટે યોગ્ય નથી, પણ નીચ કુળમાં જન્મેલો મનુષ્ય પણ જો સદાચારી હોય તો તે શ્રેષ્ઠ છે. જે મનુષ્ય પારકા ધનની, રૂપની, પરાક્રમની, કુળની, સુખની, સૌભાગ્યની અને સન્માનની ઈર્ષ્યા કરે છે, તેને પાર વિનાની પીડા રહે છે. ૪૧-૪૨

જે મનુષ્ય ન કરવા યોગ્ય કાર્ય કરવાથી ડરે છે, કરવા યોગ્ય કામને છોડી દેવાથી ડરે છે અને જે કસમયે મસલત ફુટી જવાથી ડરે છે, તેણે કેફી પદાર્થોનું સેવન કરવું નહિ. વિદ્યાનો મદ, ધનનો મદ અને ત્રીજો કુટુંબનો મદ આ ત્રણે ગર્વિષ્ઠોને મદરૂપ છે, પણ એજ સજ્જનોને ઈંદ્રિયનિગ્રહરૂપ છે. ૪૩-૪૪

સજ્જનોએ કોઈ કાર્યમાં કદાચ અસજ્જનનોની સહાય માગી હોય, એટલે તે સજ્જનો તેમનું કાર્ય કર્યા વિના જ અને પોતે દુર્જન તરીકે પ્રસિદ્ધ છતાં, પોતાને સજ્જન માની લે છે. જ્ઞાનીઓનો આધાર સંતો છે, સંતોનો આધાર વિદ્વાનો અથવા સત્પુરુષો છે, તેમ અસત્પુરુષોનો આધાર પણ સંત છે, પરંતુ સત્પુરુષોનો આધાર અસત્પુરુષ કદી હોતો નથી. ૪૫-૪૬

સારાં વસ્ત્રવાળો સભા જીતે છે, ગાયોવાળો મિષ્ટ ભોજનની આશા સિદ્ધ કરે છે. વાહનવાળો માર્ગ જીતે છે અને શીલવાન મનુષ્ય સર્વને જીતે છે. પુરૂષમાં શીલ (ચારીત્ર્ય) જ મુખ્ય છે, જેનું શીલ નાશ પામે છે. તેને જીવન, ધન અને બંધુઓનું શું પ્રયોજન છે ? ૪૭-૪૮

હે ભરતશ્રેષ્ઠ ! શ્રીમંતોના ભોજનમાં માંસ મુખ્ય હોય છે, મધ્યમોના ભોજનમાં ગોરસ મુખ્ય છે અને દરિદ્રોના ભોજનમાં તેલ મુખ્ય હોય છે, પરંતુ દરિદ્રીઓ જ સર્વદા અતિમધુર અન્ન ખાય છે. કારણ ભૂખ ભોજનમાં અમી લાવે છે અને તે ભૂખ શ્રીમંતોને બહુ દુર્લભ હોય છે. ૪૯-૫૦

હે મહીપતિ ! સામાન્ય રીતે જગતમાં શ્રીમંતોમાં ખાવાની શક્તિ હોતી નથી અને દરિદ્રીઓને તો લાકડાં પણ પચી જાય છે. અધમોને પેટ ભરવાનો ભય રહે છે, મધ્યમોને મરણનો ભય હોય છે અને ઉત્તમ મનુષ્યોને અપમાનનો જ મોટો ભય હોય છે. ૫૧-૫૨

મદ્યપાન વગેરે જે મદો છે, તે સર્વ કરતાં ઐશ્વર્યનો મદ મહાનિંદિત છે, કારણ કે ઐશ્વર્યના મદથી છકી ગયેલો મનુષ્ય છેક પડ્યા વિના જાગ્રત થતો નથી. ૫૩

સૂર્યાદિ ગ્રહો જેમ નક્ષત્રોને તાપ આપે છે, તેમ વિષયોમાં પ્રવર્તતી નિગ્રહ વિનાની ઈન્દ્રિયો આલોકને તાપ આપે છે. જે મનુષ્ય આત્માને ખેંચી જનારા પાંચ ઈંદ્રિયવર્ગથી સહજ રીતે જીતાઈ જાય છે, તેની આપત્તિઓ શુક્લપક્ષના ચંદ્રની પેઠે વૃદ્ધિ પામે છે. ૫૪-૫૫

જે રાજા પોતાના મનને વશ કર્યા વિના પોતાના અમાત્યોને વશ કરવા ઈચ્છે છે અને અમાત્યોને વશ કર્યા વિના શત્રુઓને જીતવાને ઈચ્છે છે, તે નિરુપાયે નાશ જ પામે છે, માટે જે રાજા પ્રથમ પોતાના મનને જ શત્રુરૂપ માનીને જીતે છે અને પછી અમાત્યોને અને શત્રુઓને જીતવા ઈચ્છે છે, તેની વિજયેચ્છા વ્યર્થ જતી નથી. ૫૬-૫૭

જીતેન્દ્રિય, મનોનિગ્રહી, અપરાધીને જ દંડ આપનારો અને વિચાર પૂર્વક કામ કરનારો જે ધીર પુરુષ છે, તેને લક્ષ્મી સારી પેઠે સેવે છે. હે રાજન્ ! પુરુષનું શરીર રથ છે, આત્મા સારથી છે અને ઈંદ્રિયો ઘોડા છે, જેમ કેળવેલા સારા ઘોડાઓવાળા રથમાં બેસીને રથી સુખેથી પ્રયાણ કરે છે, તેમ સાવધાન

ધીર પુરૂષ ઈન્દ્રિરૂપી ઘોડાઓને વશ રાખી સુખેથી આયુષ્ય પસાર કરે છે. ૫૮-૫૯

પણ સ્વાધીન ન રહેનારા ઉદ્ધત ઘોડાઓ જેમ સારથિનો માર્ગમાં નાશ કરે છે, તેમ વશ ન રાખેલી એ ઈંદ્રિયો આત્માનો પણ નાશ કરે છે. શુભમાં અશુભ અને અશુભમાં શુભ જોનારો મૂર્ખ મનુષ્ય પોતાની અવશ ઈંદ્રિયોને લીધે મહાદુ:ખને પણ સુખ માની બેસે છે. ૬૦-૬૧

જે મનુષ્ય ધર્મ અર્થનો ત્યાગ કરીને ઈંદ્રિયોને આધીન થાય છે, તે થોડા સમયમાં જ લક્ષ્મી, પ્રાણ, ધન તથા સ્ત્રીથી રહિત થાય છે. ધનનો ધણી હોવા છતાં જે ઈંદ્રિયોનો નાથ નથી, તે ઈંદ્રિયોની અવસ્થાને લીધે ઐશ્વર્યથી ભ્રષ્ટ થાય છે. મનુષ્યે મન, બુદ્ધિ અને ઈંદ્રિયોને નિયમમાં રાખીને બુદ્ધિ આત્માને ઓળખવો; કારણ કે બુદ્ધિ જ આત્માનો બંધુ છે અને બુદ્ધિ જ આત્માનો રિપુ છે. ૬૨-૬૪

જે બુદ્ધિવડે આત્મા જીતાય છે, ઓળખાય છે તે બુદ્ધિ જ આત્માનો બંધું છે, આ રીતે બુદ્ધિ જ જીવનો નિશ્ચિત બંધુ છે. અને બુદ્ધિ જ તેનો રિપુ છે. હે રાજન્ ! બારીક છિદ્રવાળી જાળમાં પકડાયેલાં બે મોટાં માછલાંઓ જેમ જાળને કાપી નાખે છે, તેમ જ કામ અને ક્રોધ એ બન્ને બુદ્ધિમાં રહીને બુદ્ધિનો નાશ કરે છે. ૬૫-૬૬

જે મનુષ્ય ધર્મ તથા અર્થને અનુસરીને જયનાં સાધનો એકઠાં કરે છે, તે સાધનસંપન્ન મનુષ્ય નિત્ય સુખ ભોગવે છે. જે રાજા ઈંદ્રિયોરૂપી માનસિક પાંચ અંતઃશત્રુઓને જીત્યા વિના બીજા બહારના શત્રુઓને જીતવાની ઈચ્છા રાખે છે, તેને શત્રુઓ પરાભવ પમાડે છે. ૬૭-૬૮

મોટા મોટા રાજાઓ ઐશ્વર્ય વિલાસના યોગથી ઈન્દ્રિયોને વશ રાખવા સમર્થ થઈને, અયોગ્ય કર્મો કરીને બંધનમાં પડેલા જણાય છે. સૂકાં લાકડાંની સાથે રહીને જેમ લીલું લાકડું પણ બળી જાય છે, તેમ પાપ કરનારાની સંગતીથી નિષ્પાપ મનુષ્યને પણ પાપીના જેટલી શિક્ષા થાય છે. આથી પાપીઓનો સંગ કરવો નહિ. જે મનુષ્ય શબ્દાદિક પાંચ વિષયોમાં આડે રસ્તે કૂદી પડનાર પાંચ ઈંદ્રિયોરૂપી પોતાના શત્રુઓને મોહને લીધે વશ રાખતો નથી, તે મનુષ્ય આપત્તિમાં ગળકી જાય છે. ૬૯-૭૧

મત્સર રહિતપણું સરળતા, શુદ્ધતા, સંતોષ, પ્રિયભાષણ, ઈન્દ્રિય નિગ્રહ, સત્ય અને શાંતિ, એ ગુણો દુરાત્માઓમાં હોતા નથી. ૭૨

હે ભારત ! આત્મજ્ઞાન, શાંતિ, સહનશક્તિ, ધર્મનિષ્ઠા, વાણીનો સંયમ અને દાન એ ગુણો નીચ પુરૂષોમાં હોતા નથી. ૭૩

મૂર્ખ લોકો કઠોર ભાષણ અને નિંદા કરીને પંડિતોને દુ:ખ આપે છે, પરંતુ પંડિત ક્ષમા આપે છે, તેથી તે પાપથી મુક્ત રહે છે અને પાપ વક્તાને જ વળગે છે અને જ્ઞાતા પોતે પાપથી મુક્ત થાય છે. દુર્જનોનું બળ હિંસા છે, રાજાઓનું બળ દંડવિધાન છે, સ્ત્રીઓનું બળ સેવા છે, અને ગુણવાનોનું બળ ક્ષમા છે. ૭૪-૭૫

હે મહારાજ ! વાણીને નિયમમાં રાખવી એ અત્યંત કઠિન મનાય છે. તેમ ચમત્કારવાળું અને પ્રયોજનવાળું ઘણું બોલવું એ પણ શક્ય નથી. ૭૬

## વાણી જ સુખ અને દુઃખ કર્તા છે.

હે રાજન્ ! વાણી સારી રીતે બોલાઈ હોય, તો તે અનેક કલ્યાણ આપે છે, પરંતુ તે જ જો ભૂંડી રીતે બોલાઈ હોય તો અનર્થ ઉપજાવે છે, બાણોથી વીંધાયેલું અથવા કુહાડીથી કપાયેલું વન ફરીથી ઊગે છે, પરંતુ નિંદાભર્યાં ભૂંડાં વચનથી વીંધાયેલું મન કદી પ્રસન્ન થતું નથી. કર્ણિ, નાલિક, નારાચ વિગેરે બાણોને શરીરમાંથી કાઢી શકાય છે, પણ વાણીરૂપ બાણને બહાર કાઢી શકાતું નથી, કારણ કે તે હૃદયમાં ખુંપી બેસે છે. ૭૭-૭૯

વાણીરૂપી બાણો મુખમાંથી નીકળે છે અને સચોટ સામાના મર્મમાં જ પેસી જાય છે. અને તેનાથી ઘવાયેલો મનુષ્ય રાત્રિ દિવસ શોક કરે છે, આથી ડાહ્યા મનુષ્યો એવાં વાગ્બાણ બીજા પર ન જ વાપરે. ૮૦

દેવો જે પુરૂષનો પરાભવ કરવા ઈચ્છે, તેની બુદ્ધિને તેઓ હરે છે, એટલે તેને સર્વ કાંઈ વિપરીત જ સુઝે છે, જ્યારે વિનાશ થવાનો હોય છે ત્યારે કલુષિત થયેલી બુદ્ધિમાં અન્યાય પણ ન્યાય જેવો ભાસે છે અને તે હૃદયમાંથી ખસતો નથી. ૮૧-૮૨

હે ભરતશ્રેષ્ઠ ! ઉપર જણાવ્યા પ્રમાણે તમારા પુત્રોની બુદ્ધિ વિપરીત થઈ ગઈ છે અને પાંડવોના વિરોધને લીધે તમે પણ તેમને ઓળખતા નથી. હે

ધૃતરાષ્ટ્ર ! તમારી આજ્ઞા પ્રમાણે વર્તનારા યુધિષ્ઠિર ત્રણેલોકના રાજા થાય તેવાં લક્ષણોવાળા છે, માટે તે જ રાજા થાઓ. ૮૩-૮૪

ભાગ્યને લીધે તે તમારા સર્વ પુત્રો કરતાં શ્રેષ્ઠ છે, તેજ તથા બુદ્ધિથી તે યુક્ત છે અને ધર્મ તથા અર્થનાં રહસ્યને જાણે છે. હે રાજેન્દ્ર ! એ ધાર્મિકશ્રેષ્ઠ યુધિષ્ઠિર દયાળુપણાથી, કોમળતાથી તથા તમારે વિશેના વડીલપણાની બુદ્ધિથી બહુ કલેશો સહન કરે છે. ૮૫-૮૬

ઈતિ શ્રીમહાભારતે ઉદ્યોગપર્વ અંતર્ગત પ્રજાગરપર્વમાં
વિદુરનીતિવાક્યનો દ્વિતીયો અધ્યાયઃ ॥૨॥

**-: અધ્યાય :- ૩**

ધૃતરાષ્ટ્ર બોલ્યા :- હે મહાબુદ્ધિમાન વિદુર ! તમે ફરીથી ધર્મ તથા અર્થવાળાં વચન કહો, કારણ કે તમે આ સંબંધમાં વિચિત્ર અને અદ્‌ભૂત ભાષણ કરો છો, તે સાંભળી મને તૃપ્તિ થતી નથી. ૧

સર્વથી વધારે ઉત્તમ શું ?

સર્વ તીર્થોમાં સ્નાન કરવું અને પ્રાણીમાત્ર ઉપર સમદષ્ટિ રાખવી, એ બન્ને સમાન છે, અથવા સમદષ્ટિ કાંઇક વિશેષ છે. આથી હે રાજા ! તમે પોતાના પુત્રો કૌરવો તથા પાંડવો ઉપર નિત્ય સમદષ્ટિ રાખો. એથી આલોકમાં ઉત્તમ કીર્તિ પામીને તમે મરણ પછી સ્વર્ગલોક પામશો. ૨-૩

હે પુરૂષવ્યાઘ્ર ! જ્યાં સુધી આલોકમાં મનુષ્યની પવિત્ર કીર્તિનું ગાન થાય છે, ત્યાં સુધી તે મનુષ્ય સ્વર્ગલોકમાં સન્માન પામે છે. આ વિષયમાં કેશીની નામની કન્યાને પરણવા માટે વિરોચન તથા સુધન્વા વચ્ચે જે સંવાદ થયો હતો, તે પ્રાચીન ઈતિહાસ ઉદાહરણમાં કહેવાય છે. ૪-૫

## કેશિનીને પરણવા માટે સુધન્વા તથા વિરોચનનો સંવાદ

હે રાજન્ ! કેશીની નામની એક અનુપમ રૂપાળી કન્યા પોતાને શ્રેષ્ઠ પતિ મળે એ ઈચ્છાથી સ્વયંવર મંડપમાં આવી તે વખતે તેને મેળવવા ઈચ્છતો દૈત્યપુત્ર વિરોચન ત્યાં આવ્યો, ત્યારે કેશીનીએ તે દૈત્યેન્દ્રને આ પ્રમાણે પૂછ્યું. ૬-૭

કેશીની બોલી :- હે વિરોચન ! બ્રાહ્મણો શ્રેષ્ઠ હશે કે દૈત્યો શ્રેષ્ઠ હશે



? જો બ્રાહ્મણો શ્રેષ્ઠ હોય, તો શા માટે સુધન્વા બ્રાહ્મણ પલંગ ઉપર ન બેસે ? ૮

વિરોચન બોલ્યો :- હે કેશીની ! અમે પ્રજાપતિથી ઉત્પન્ન થયા છીએ, એટલે અમે સર્વથી શ્રેષ્ઠ છીએ. આ સર્વલોક અમારા જ છે, એટલે અમારી આગળ દેવો કોણ અને બ્રાહ્મણો કોણ ? ૯

કેશીની બોલી :- હે વિરોચન ! આ સ્વયંવરમાં જ આપણે આ વાતની ખાતરી કરીશું. કાલે સવારે સુધન્વા અહીં આવનારો છે. તે વખતે તમને બન્નેને હું એકઠા મળેલા જોઈશ. ૧૦

વિરોચન બોલ્યો :- હે કલ્યાણી ! તું કહે છે તેમ હું કરીશ. હે ભીરુ ! કાલે સવારે સુધન્વાને અને મને એકઠા મળેલા જોજે. ૧૧

વિદુર બોલ્યા :- હે રાજશ્રેષ્ઠ ! તે વાત વીતી ગઈ અને બીજા દિવસનું સૂર્યમંડળ ઉદય પામ્યું, એટલે હે વિભુ ! જે સ્થાને વિરોચન કેશીનીની સાથે બેઠો હતો, તે સ્થાને સુધન્વા આવી પહોંચ્યો. પછી સુધન્વા પ્રહ્લાદપુત્ર વિરોચન તથા કેશીનીની પાસે ગયો. આમ હે ભરતશ્રેષ્ઠ ! એ બ્રાહ્મણને આવેલો જોઈને કેશીની ઉભી થઈ, તેણે તેને આસન આપ્યું અને પાદ્ય તથા અર્ઘ્ય આપ્યાં. એટલામાં વિરોચને સુવર્ણાસન ઉપર મારી સાથે બેસો, એવી સુધન્વાને પ્રાર્થના કરી. ૧૨-૧૩

સુધન્વા બોલ્યો :- હે પ્રહ્લાદપુત્ર ! હું તારા સુવર્ણમય શ્રેષ્ઠ આસનનો માત્ર સ્પર્શ જ કરીશ, પણ તારા સમાન થઈને હું તારી સાથે એક આસન પર બેસીશ નહિ. ૧૪

વિરોચન બોલ્યો :- હે સુધન્વા ! તને તો પાટલો, સાદડી અથવા દર્ભનું સારૂં આસન જ યોગ્ય છે, તું મારી સાથે એક આસન પર બેસવાને યોગ્ય પણ નથી. ૧૫

સુધન્વા બોલ્યો :- પિતા પુત્ર સાથે બેસી શકે, બે બ્રાહ્મણ સાથે બેસી શકે, બે ક્ષત્રિય સાથે બેસી શકે, બે વૃદ્ધ વૈશ્ય એક આસને બેસી શકે, અને બે શુદ્ર એક આસન પર બેસી શકે, પરંતુ જુદી જાતિના પુરૂષો એક આસન પર બેસી શકે નહિ. હું બેઠો હોઉં તે વખતે તારો પિતા મારા પગ આગળ ઊભો રહીને મારી સેવા કરે છે, પરંતુ તું હજી બાળક છે અને ઘરમાં લાડથી ઉછર્યો

છે, તેથી તું કાંઇ જાણતો નથી. ૧૬-૧૭

વિરોચન બોલ્યો :- હે સુધન્વા ! સુવર્ણ, ગાય, ઘોડા વગેરે જે ધન અમારા અસુરો પાસે છે, તે બધું શરતમાં મૂકીને આપણે બન્ને કોઇ જાણકાર પુરૂષને એ વિષે પ્રશ્ન પૂછીએ. ૧૮

સુધન્વા બોલ્યો :- હે વિરોચન ! તારૂં સુવર્ણ, ગાય અને ઘોડો એ સર્વે તારી પાસે જ રહેવા દે. આપણે બન્નેના પ્રાણની શરત કરીને જે જાણકાર પુરૂષ હોય તેને પ્રશ્ન પૂછીએ. ૧૯

વિરોચન બોલ્યો :- આપણે બન્ને પ્રાણની શરત કરીને કોને પૂછવા જઇશું ? કારણ કે હું દેવોની આગળ તથા મનુષ્યોની આગળ કદી પણ ઊભો રહીશ નહિ. ૨૦

સુધન્વા બોલ્યો :- આપણે પ્રાણની શરત કરીને તારા પિતાની આગળ જ જઇશું, કારણ કે એ પ્રહ્લાદ પોતાના પુત્રને માટે પણ કદી અસત્ય બોલશે નહિ. ૨૧

વિદુર બોલ્યા :- આ પ્રમાણે ક્રોધે ભરાયેલા વિરોચન તથા સુધન્વા પ્રાણની શરત કરીને તે જ વખતે વિરોચનના પિતા પ્રહ્લાદ જ્યાં બેઠા હતા ત્યાં ગયા. ૨૨

પ્રહ્લાદ બોલ્યા :- અરે !!! આજ સુધી જે કદી સાથે ચાલ્યા નથી તે આ બન્ને, ક્રોધ પામેલા બે ઝેરી સાપોની જેમ એક જ માર્ગે અહીં આવતા જણાય છે. હે વિરોચન ! તમે બન્ને પહેલાં કદી સાથે ફરતા ન હતા, અને આજે આમ બન્ને સાથે કેમ ? હું તને પૂછું કે, સુધન્વાની સાથે તારે મૈત્રી થઇ છે કે શું ? ૨૩-૨૪

## પ્રહ્લાદ પાસે વિરોચને પોતાની શરત જણાવી

વિરોચન બોલ્યો :- મારે સુધન્વા સાથે મૈત્રી નથી, પણ અમે બન્નેએ પ્રાણની શરત કરી છે. માટે હે પ્રહ્લાદ ! હું સત્ય પૂછું છું. તમે પ્રશ્નનો મિથ્યા ઉપદેશ આપશો નહિ. ૨૫

પ્રહ્લાદ બોલ્યા :- હે બ્રહ્મન્ ! તમે પૂજવા યોગ્ય છો. અરે આ ! કોઇ સુધન્વાને માટે જળ, મધુપર્ક તથા મધુપર્કને માટે પુષ્ટ કરેલી શ્વેત ગાય લઇ આવો. ૨૬



## સુધન્વાનો ઉત્તમતા વિષે પ્રશ્ન

સુધન્વા બોલ્યો :- જળ તથા મધુપર્ક તો મને માર્ગમાં જ અર્પણ થયાં છે, પણ હે પ્રહ્લાદ ! હું આ પ્રશ્ન કરૂં છું, તેનો તમે સત્ય ઉત્તર આપો. શું બ્રાહ્મણો શ્રેષ્ઠ છે કે વિરોચન ? ૨૭

પ્રહ્લાદ બોલ્યા :- એક તરફ મારો પુત્ર છે અને બીજી તરફ સાક્ષાત્ તમે અહીં બેઠા છો. આમ તમે બન્ને વિવાદ કરી રહ્યા છો, ત્યારે મારા જેવો શી રીતે પ્રશ્નનો ઉત્તર આપી શકે ? ૨૮

સુધન્વા બોલ્યો :- હે બુદ્ધિમાન ! તમે ગાય તથા બીજું જે પ્રિય ધન હોય તે તમારા ઔરસ પુત્રને જ આપજો, પણ તમારે વિવાદ કરતા અમને બન્નેને સત્ય કહેવું જ જોઇએ. ૨૯

પ્રહ્લાદ બોલ્યા :- હે સુધન્વા ! હું પૂછું છું કે, મનુષ્ય સત્ય ન બોલે અથવા અસત્ય જ કહે, તો તે મિથ્યાવાદીને શું દુઃખ પડે ? ૩૦

સુધન્વા બોલ્યા :- જેના ઉપર શોક્ય આવી હોય એવી સ્ત્રીને, જુગારમાં સર્વસ્વ હારેલાને અને ભાર ઉપાડવાથી જેનું અંગ કળતું હોય તેને જેવી દુઃખમય રાત કાઢવી પડે છે, તેવી જ દુઃખમય રાત્રી અન્યાય યુક્ત બોલનારને કાઢવી પડે છે. પોતાના નગરમાં જ કેદ પડેલો, ક્ષુધાથી વ્યાકુળ થયેલો અને આંગણા બહાર જ પુષ્કળ શત્રુઓ જોનારો જે દુઃખ પામે છે, તે દુઃખ ખોટી સાક્ષી પૂરનારને પ્રાપ્ત થાય છે. ૩૧-૩૨

સામાન્ય પશુને માટે ખોટું બોલનારો પોતાના પાંચ પૂર્વજોને નરકમાં નાખે છે, ગાયને માટે ખોટું બોલનારો દશ પૂર્વજોને નરકમાં નાખે છે, ઘોડાને માટે ખોટું બોલનારો સો પૂર્વજોને નરકમાં નાખે છે અને પુરૂષને માટે ખોટું બોલનારો હજાર પૂર્વજોને નરકમાં નાખે છે, અને ભૂમિને માટે ખોટું બોલનારો પોતાના સર્વસ્વનો નાશ કરે છે. આથી તમે ભૂમિ તુલ્ય કેશિનીને માટે ખોટું બોલશો નહિ. ૩૩-૩૪

પ્રહ્લાદ બોલ્યા :- હે વિરોચન ! આ સુધન્વાના પિતા અંગિરા મારા કરતા શ્રેષ્ઠ છે, સુધન્વા તારા કરતાં શ્રેષ્ઠ છે અને એની માતા તારી માતા કરતાં શ્રેષ્ઠ છે. માટે સુધન્વાએ તને જીત્યો છે. હે વિરોચન ! આ સુધન્વા તારા પ્રાણનો સ્વામી છે. હવે હે સુધન્વા ! તમે મને વિરોચન પાછો આપો,

એમ હું ઈચ્છું છું. ૩૫-૩૬

સુધન્વા બોલ્યા :- હે પ્રહ્લાદ તમે ધર્મનો સ્વીકાર કર્યો છે અને પુત્રલોભને લીધે ખોટું બોલ્યા નથી, તેથી તમારો દુર્લભ પુત્ર હું તમને પાછો આપું છું. હે પ્રહ્લાદ ! આ મેં આપ્યો તારો પુત્ર વિરોચન. એ મારી સમક્ષ જ આ કુમારી કેશીનીના પગ ધુઓ. (અર્થાત્ તેની સાથે લગ્ન કરો.) ૩૭-૩૮

વિદુરજી બોલ્યા :- માટે હે રાજેન્દ્ર તમારે પૃથ્વીને માટે જુઠું બોલવું યોગ્ય નથી, પુત્રને માટે અસત્ય બોલીને તમે પુત્રો તથા અમાત્યોની સાથે નાશ ન પામો. ૩૯

## સારી મતિ સુખકારી છે.

દેવો કાંઈ ગોવાળોની પેઠે હાથમાં લાકડી લઈને રક્ષણ કરતા નથી, પણ તેઓ તો જેનું રક્ષણ કરવા ઈચ્છે છે. તેની બુદ્ધિમાં તેઓ વધારો કરે છે. ૪૦

પુરૂષ જેમ જેમ શુભ કર્મો કરવામાં મન જોડે છે, તેમ તેમ તેના સર્વ અર્થો સિદ્ધ થાય છે, એમાં સંશય નથી. ૪૧

## કપટીની વહાર કોઈ પણ કરતું નથી ?

કપટથી કર્મ કરનારા કપટીઓને વેદો પાપથી તારતા નથી, પણ પાંખ આવેલાં પક્ષીઓ જેમ માળાને છોડી જાય છે, તેમ એ વેદો કપટી મનુષ્યને અંતકાળે છોડી જાય છે. ૪૨

## તજવાલાયક વસ્તુઓ

મદિરાપાન, ક્લેશ, ઘણા સાથે વેર, પતિ પત્ની વચ્ચે વિયોગ પડાવવો, જ્ઞાતિમાં ભેદ પડાવવો, રાજાના શત્રુની સંગતિ, સ્ત્રીપુરૂષનો કલેશ અને નિંદાપાત્ર માર્ગ એ છોડી દેવા એમ વિદ્વાનો કહે છે. ૪૩

## સાક્ષી કોને લેવા નહિ ?

જે હાથની રેખા જોવાનો ધંધો કરતો હોય, જે પહેલાં ચોર હોય પણ પાછળથી વેપારી બન્યો હોય, જે સળી અથવા પાસાથી શુકન કહીને ધૂતી ખાતો હોય, જે વૈદ્ય હોય, શત્રુ, મિત્ર અને ભાંડભવાયો હોય એ સાતને સાક્ષીમાં લેવા નહિ. ૪૪

## માન ખાતર કરેલાં કર્મનું ફળ

અગ્નિહોત્ર, ધ્યાન, અધ્યયન અને યજ્ઞ આ ચાર અભય આપનારાં છે, પરંતુ એ જ ચાર જો ઉલટી રીતે દંભથી અથવા મનની લાલસાથી કરવામાં આવ્યાં હોય, તો દુઃખ આપનારાં થાય છે. ૪૫

## બ્રહ્મહત્યા કોને કહેવાય ?

ઘર બાળનાર, ઝેર દેનાર, ભગભક્ષક (ભડવો) સોમરસ વેચનાર, બાણ બનાવનાર, નક્ષત્ર સૂચવનાર, ચાડિયો, મિત્રદ્રોહી, પરસ્ત્રીનો સંગ કરનાર, ગર્ભપાત કરાવનાર, ગુરુની સ્ત્રી સાથે ગમન કરનાર, બ્રાહ્મણ હોઈને મદ્યપાન કરનાર, અતિ ક્રૂર, કાગડાની પેઠે ઘામાં ચાંચો મારનાર અર્થાત્ દુઃખમાં વધારો કરનાર, નાસ્તિક, વેદની નિંદા કરનાર, ગામોટ રાજાએ આપેલી આજીવિકારૂપ નોકરીમાં લાંચરુશવત લેનાર, જેનો જનોઈ દેવાનો સમય જતો રહ્યો હોય તે, ખેડુત અને જે પોતે સમર્થ છતાં ''મારૂં રક્ષણ કર'' એમ કહેવા છતાં મારી નાખે તે, આ સર્વે બ્રહ્મહત્યા કરનારા જેવા પાતકી છે. ૪૬-૪૮

## પરીક્ષા કરવાના સાધનો

તરણાના અગ્નિથી અંધારામાં રહેલી વસ્તુ જણાય છે, વર્તન ઉપરથી મનુષ્યની ધાર્મિકતા પરખાય છે અને વ્યવહારથી તેની સાધુતા વરતાય છે, શૂરાની પરીક્ષા ભયના પ્રસંગમાં થાય છે, ધીરજની પરીક્ષા આર્થિક આપત્તિમાં થાય છે, મિત્રોની પરીક્ષા સંકટમાં થાય છે અને શત્રુઓની પરીક્ષા આપત્તિમાં થાય છે. ૪૯

## રૂપાદિનો નાશ કરનારી વસ્તુ

વૃદ્ધાવસ્થા રૂપને હરે છે, આશા ધૈર્યને હરે છે, મૃત્યુ પ્રાણને હરે છે, ઈર્ષ્યા ધર્માચરણને હરે છે, ક્રોધ લક્ષ્મીને હરે છે, નીચની સેવા શીલને હરે છે, કામ લજ્જાને હરે છે અને અભિમાન સર્વને હરી લે છે. ૫૦

લક્ષ્મી મંગલ કાર્યો કરવાથી ઉત્પન્ન થાય છે, પૌઢતાથી વધે છે, ડહાપણથી મૂળ ઘાલે છે અને ઈન્દ્રિયોને વશ કરવાથી સંયમથી સ્થિર થાય છે. બુદ્ધિ, કુલીનતા, ઈન્દ્રિય નિગ્રહ, શાસ્ત્રજ્ઞાન, પરાક્રમ, માપસર ભાષણ, યથાશક્તિ દાન અને કૃતજ્ઞતા આ આઠ ગુણો પુરૂષને દીપાવે છે. ૫૧-૫૨

હે તાત ! એક ગુણ આ મહાન મહિમાવાળા આઠ ગુણોનો બલપૂર્વક

આશ્રયરૂપ છે, રાજા જ્યારે મનુષ્યને સત્કારે છે, ત્યારે આગલા રાજસન્માનરૂપી એ ગુણ સર્વગુણોને શોભાવે છે. ૫૩

## સ્વર્ગ આપનારી આઠ વસ્તુઓ

હે મહારાજ ! મનુષ્ય લોકમાં યજ્ઞ, દાન, અધ્યયન, તપ, ઈન્દ્રિય નિગ્રહ, સત્ય, સરળતા અને અક્રુરતા આ આઠ ગુણો સ્વર્ગલોક આપનારા છે. એમાંના ચાર ગુણો સત્પુરૂષોમાં સ્વાભાવિક હોય છે અને ચાર ગુણોને સત્પુરૂષો અનુસરે છે. યજ્ઞ, દાન, અધ્યયન અને તપ આ ચાર જોડાયેલા છે, ત્યારે ઈન્દ્રિય નિગ્રહ, સત્ય, સરળતા તથા દયાળુતા આ ચારને સજ્જનો અનુસરે છે. ૫૪-૫૫

## ધર્મના આઠ માર્ગ

યજ્ઞ, અધ્યયન, દાન, તપ, સત્ય, ક્ષમા, દયા અને ઉદારતા આ આઠ પ્રકારનો ધર્મનો માર્ગ કહેવામાં આવ્યો છે. એમાંના પ્રથમના ચારનો વર્ગ દંભને માટે પણ સેવન કરાય છે. અને પાછલા ચારનો વર્ગ મહાત્મા સિવાય બીજામાં રહેતો નથી. ૫૬-૫૭

## સભા વગેરેની ઓળખાણ

તે સભા નથી, જેમાં વૃદ્ધો નથી; તે વૃદ્ધો નથી, કે જે ધર્મ કહેતા નથી; તે ધર્મ નથી, જેમાં સત્ય નથી; અને તે સત્ય નથી, જે છળથી મુક્ત નથી. ૫૮

## સ્વર્ગમાં લઈ જનારી દશ વસ્તુ

સત્ય, સૌમ્યરૂપ, શાસ્ત્રાભ્યાસ, દેવોપાસના, કુલીનતા, શીલ, બળ, ધન, શૌર્ય અને યુક્તિયુક્ત વચન આ દશ સ્વર્ગના હેતુ છે. ૫૯

## પુણ્ય પાપનાં ફળ

પાપી મનુષ્ય પાપ કરીને પાપનું જ ફળ ભોગવે છે અને પુણ્ય કીર્તિવાળો મનુષ્ય પુણ્ય કરીને અત્યંત પુણ્યને જ ભોગવે છે. ૬૦

## બુદ્ધિનાશનો હેતુ

તેથી સદાચારી પુરૂષે પાપ કરવું નહિ. વારંવાર કરવામાં આવેલું પાપ બુદ્ધિનો નાશ કરે છે, એમ બુદ્ધિ રહિત થયેલો પુરૂષ નિત્ય પાપકર્મ જ કર્યા કરે છે, ત્યારે વારંવાર કરવામાં આવેલું પુણ્ય બુદ્ધિની વૃદ્ધિ કરે છે.



૬૧-૬૨

## સુમતિનું ફળ

આમ વિશાળ બિદ્ધિવાળો પુરૂષ નિત્ય પુણ્યકર્મ જ કર્યા કરે છે. પુણ્ય કરનારો પુરૂષ પુણ્યકીર્તિ રળીને પુણ્યસ્થાનમાં જાય છે. તેથી પુરૂષે સાવધાન થઈને સત્કર્મનું જ સેવન કરવું. ૬૩

## કોણ મહા આપત્તિમાં આવે છે ?

ઈર્ષ્યાળુ, બીજાના મર્મને દુઃખ આપનાર, અપ્રિય વાણીવાળો, વેરકર્તા અને શઠ એ મનુષ્યો પાપાચારણ કરવાથી થોડા સમયમાં જ મોટું દુઃખ પામે છે, પણ જે ઈર્ષ્યા રહિત છે અને સમજદાર છે તે સર્વદા સારાં કામો કરવાને લીધે મહાન કષ્ટ પામતો નથી અને સર્વત્ર દીપી રહે છે. ૬૪-૬૫

## પંડિત કોને જાણવો ?

જે વિદ્વાનો પાસેથી ડહાપણ જ મેળવે છે, તે પંડિત છે; કારણ કે તે ડાહ્યો મનુષ્ય ધર્મ તથા અર્થ સંપાદન કરીને સુખપૂર્વક જીવન ગાળે છે. ૬૬

કામ ક્યારે કરવું ? જે કામ કરવાથી રાત્રે સુખે રહેવાય, તે કામ દિવસે જ કરી લેવું. જે કામ કરવાથી ચોમાસાના ચાર મહિનામાં સુખે રહેવાય તે કામ આગલા આઠ મહિનામાં જ કરી લેવું. ઊતરતી વય પ્રાપ્ત થતાં જે કાર્ય કરવાથી સુખે રહેવાય તે કાર્ય આગલી વયમાં જ કરી લેવું. પણ જે કામ કરવાથી મૃત્યુ પછી સુખ મળે તે કામ તો આખા જીવન સુધી કર્યા જ કરવું. ૬૭-૬૮

## પરિણામે વખાણ થાય છે.

ડાહ્યા મનુષ્યો સારી રીતે પચેલા અન્નની, યુવાનીને ઓળંગી ગયેલી પત્નીની, સંગ્રામમાં વિજયને વરી આવેલા શૂરવીરની અને તત્ત્વના પારને પામેલા તપસ્વીની પ્રશંસા થાય છે. ૬૯

## પાપીનાં છિદ્રો વધારે ઉઘાડાં પડે

જે મનુષ્ય અધર્મથી મળેલા ધન વડે પોતાનું છિદ્ર ઢાંકવા જાય છે, તેનું તે છિદ્ર ઢંકાતું તો નથી જ ઊલટું તેથી તેનું બીજું છિદ્ર ઉઘાડું પડે છે. ૭૦

## કોણ કોને શિક્ષા કરી શકે છે.

ગુરુ જીતેન્દ્રિયોના શાસક છે, રાજા દુરાત્માઓનો શાસક છે અને વૈવસ્વત યમ ગુપ્ત પાપીઓના શાસક છે. (તેથી તે તેને શિક્ષા કરી શકે છે.) ૭૧

## કોનું સ્વરૂપ જાણાતું નથી ?

ઋષિઓનું, નદીનું, કુળનું, મહાત્માઓનું અને સ્ત્રીઓનાં દુશ્ચરિત્રનું મૂળ જાણી શકાતું નથી. ૭૨

## કયો રાજા ઘણા કાળ સુધી રાજ્ય કરી શકે ?

હે રાજન્ ! બ્રાહ્મણોની પૂજા કરવામાં તત્પર, દાતા, પોતાની જ્ઞીતિના લોકો સાથે સરળતાથી વર્તનાર અને શીલસંપન્ન ક્ષત્રિય લાંબા કાળ સુધી રાજ્ય કરી શકે છે. ૭૩

## કયો માણસ કમાઇ શકે છે ?

શૂરો, વિદ્વાન તથા સેવા કરી જાણનારો, આ ત્રણ પુરૂષો સુવર્ણનાં પુષ્પોવાળી પૃથ્વીનાં સુવર્ણ પુષ્પો વીણી લે છે. ૭૪

હે ભારત ! બુદ્ધિથી સાધ્ય થતાં કામો શ્રેષ્ઠ છે. બાહુબળથી સાધ્ય થતાં કામો મધ્યમ છે, કપટથી સાધ્ય થતાં કામો અધમ છે અને સંકટથી સાધ્ય થતાં કામો અધમાધમ છે. ૭૫

હે રાજા ! દુર્યોધન, શકુનિ, મૂર્ખ દુશાસન તથા કર્ણને રાજ્યભાર સોંપીને તમે કેવી રીતે ઐશ્વર્યની ઈચ્છા રાખો છો ? ૭૬

હે ભરતશ્રેષ્ઠ ! પાંડવો સર્વગુણોથી સંપન્ન છે અને તમારા પ્રત્યે પિતૃદૃષ્ટિ રાખીને વર્તે છે, તો તમે તેમના પ્રત્યે પુત્રદૃષ્ટિ રાખીને વર્તો. ૭૭

## ઈતિ શ્રીમહાભારતે ઉદ્યોગપર્વ અંતર્ગત પ્રજાગરપર્વમાં વિદુરનીતિવાક્યનો તૃતીયો અધ્યાયઃ ॥૩॥

### -ઃ અધ્યાય ઃ- ૪

વિદુર બોલ્યા :- હે રાજન્ ! આ સંબંધમાં આત્રેય અને સાધ્યદેવોના સંવાદનો એક પુરાતન ઈતિહાસ કહેવામાં આવે છે. એવું અમે સાંભળ્યું છે કે પૂર્વે હંસરૂપે ફરતા ઉત્તમ વ્રતવાળા તથા મહાબુદ્ધિમાન એવા મહર્ષિ આત્રેય (દત્તાત્રેય)ની પાસે જઈને સાધ્યદેવોએ પ્રશ્ન કર્યો હતો. ૧-૨

## સાધ્યદેવોનો પ્રશ્ન

હે મહર્ષિ ! અમે સાધ્યદેવો છીએ. તે તમને જોઈને અમો અનુમાન કરી શકતા નથી કે તમે કોણ છો. તમે શાસ્ત્રજ્ઞાન વડે ધીર તથા બુદ્ધિમાન છો, એમ અમે માનીએ છીએ. આથી તમે અમને વિદ્વાનનાં લક્ષણને કહેનારી ઉદાર વાણી કહેવાને યોગ્ય છો. ૩

## અવશ્ય કરવા લાયક કર્મ

હંસ બોલ્યા :- હે દેવો ! ધૈર્ય રાખવું, ઈંદ્રિયનો નિગ્રહ કરવો, સત્ય પરમાત્માના સાક્ષાત્કાર માટે ધ્યાન, ધારણા તથા સમાધિ આદિ ધર્મોનું અનુસરણ કરવું, હૃદયની સર્વે ગાંઠોને શિથિલ કરવી, પ્રિય તથા અપ્રિય ને આત્મામાં લય પમાડવાં, એ કરવા યોગ્ય કાર્યો છે, એમ મેં ગુરુના મુખ થકી સાંભળ્યું છે. ૪

## ક્ષમાશીલ પુણ્યશાળી થાય છે.

કોઈ ગાળો દે પણ તેને સામી ગાળ દેવી નહિ, આમ જે ગાળને સહન કરે છે, તેનો ક્રોધ જ ગાળ દેનારને બાળી મૂકે છે, તેમ તેના પુણ્યને પ્રાપ્ત થાય છે. ૫

કોઈને ગાળ ભાંડવી નહિ, કોઈનું અપમાન કરવું નહિ, મિત્રોનો દ્રોહ કરવો નહિ, નીચની સેવા કરવી નહિ, અભિમાની થવું નહિ, હીન આચરણ કરવું નહિ અને કઠોર તથા દોષભરી વાણી બોલવી નહિ. આ લોકમાં વાણી મનુષ્યોના મર્મસ્થાનોને, હાડકાંને હૃદયને અને પ્રાણને સુદ્ધાં બાળી મૂકે છે. માટે ધર્મપ્રિય પુરૂષે ઉદ્ધત અને કઠોર વાણીનો નિત્ય ત્યાગ જ કરવો. ૬-૭

જે મનુષ્ય મર્મને ભેદનારી ક્રુર તથા કઠોર વાણીરૂપી કાંટા વડે મનુષ્યોને પીડા કરે છે, તેને મનુષ્યોમાં મહા હતભાગી સમજવો અને તે પોતાને મોઢે મેલું બાંધીને વહે છે એમ જાણવું. ૮

## સજ્જન ક્ષમાશીલ જ હોય

સામો માણસ કોઈ સજ્જનને અગ્નિ તથા સૂર્ય જેવાં અત્યંત તીક્ષ્ણ અને પ્રદીપ્ત વાગ્બાણોથી અતિશય વીંધી નાખે, તો પણ તે વિદ્વાન તો આમ વીંધાયા છતાં અને આમ અતિશય દાહ લાગ્યા છતાં એમ જ જાણે કે આ તો

મારા પુણ્યમાં વધારો કરે છે. ૯

## જેવો સંગ તેવો રંગ

વસ્ત્ર જેવાં રંગનો સંગ કરે છે તેવા રંગવાળું તે થાય છે, તેમ મનુષ્ય પણ સાધુ, અસાધુ, તપસ્વી તથા ચોર એ પૈકી જેની સંગતિ કરે છે, તેના જેવો થાય છે. ૧૦

## દેવતાઓ કોને ચહાય છે ?

કોઈ મર્યાદા ઓળંગીને વાદ કરે, તો પણ જે તેની સાથે વાદ કરતો નથી, તેમ જ બીજાને વાદ કરવા ઉશ્કેરતો નથી, કોઈ મારી જાય તો પણ જે તેને સામો મારતો નથી તેમ જ બીજા પાસે મરાવતો નથી અને જે પાપીને હણવા ઈચ્છતો નથી, તે સ્વર્ગમાં જાય છે અને દેવો પણ તેને ચહાય છે. ૧૧

## ચાર જાતનું બોલવું

બોલવા કરતાં મૌન રાખવું એ શ્રેષ્ઠ કહ્યું છે, મૌન કરતાં સત્ય બોલવું તે શ્રેષ્ઠ કહ્યું છે, તે કરતાં સત્ય તથા પ્રિય બોલવું તે શ્રેષ્ઠ કહ્યું છે અને તે કરતાં ધર્માનુરૂપ બોલવું તે સૌથી શ્રેષ્ઠ છે. ૧૨

## પુરૂષ સ્વતંત્ર છે.

પુરૂષ જેવાની સાથે બેસે છે, જેવાની સેવા કરે છે અને જેવો થવા ઈચ્છે છે, તેવો તે થાય છે. ૧૩

## વિષયનો ત્યાગ તે જ દુઃખનો ત્યાગ

પુરૂષ જે જે વિષયથી દૂર થાય છે, તે તે વિષયના દુઃખથી તે મુક્ત થાય છે. એ પ્રકારે સર્વ વિષયથી મુક્ત થતાં તેને લગાર પણ દુઃખ રહેતું નથી. એવા પુરૂષનો કોઈ પરાજય કરતું નથી, કોઈની સાથે એ વેર કરતો નથી, તેમ કોઈનો એ નાશ કરતો નથી, એ નિંદા અને સ્તુતિમાં સમાનભાવ રાખે છે, એ શોક કરતો નથી અને હર્ષ પણ કરતો નથી. ૧૪-૧૫

## ઉત્તમ, મધ્યમ અને અધમ પુરૂષનાં લક્ષણો

જે સર્વેનું કલ્યાણ ઈચ્છે છે અને કોઈના અકલ્યાણની કલ્પના સરખી કરતો નથી, જે સત્ય બોલે છે, કોમળ ભાવ રાખે છે અને ઈન્દ્રિયોને વશ રાખે છે તે ઉત્તમ પુરૂષ છે. જે મિથ્યા સાંત્વન કરતો નથી, આપવા કહેલી



વસ્તુ આપે છે અને બીજાનાં છિદ્રને જાણે છે, તે મધ્યમ પુરૂષ છે. જેને મહાપરાણે પણ ઉપદેશ લાગતો નથી, જે માર ખાનારો છે, શસ્ત્રોથી ઘવાતાં છતાં જે ક્રોધને લીધે પાછો ફરતો નથી, જે કૃતઘ્ની છે, જે કોઈનો પણ મિત્ર નથી અને જે દુષ્ટ અંતઃકરણવાળો છે, તે પુરૂષ અધમ કહેવાય છે. વળી જે કલ્યાણને માટે શ્રેષ્ઠ પુરૂષો પર શ્રદ્ધા રાખતો નથી, જેને પોતાના પર પણ વિશ્વાસ નથી તથા જે મિત્રોનો પણ અનાદર કરે છે, તે અધમ પુરૂષ છે. ૧૬-૧૯

## કોનો સંગ કરવો.

જે મનુષ્યને પોતાની ચડતીની ઈચ્છા હોય, તેણે ઉત્તમ પુરૂષોની જ મૈત્રી કરવી, સંજોગવશાત્ મધ્યમોની સંગતિ કરવી, પણ ક્યારેય અધમ પુરૂષની સંગતિ તો કરવી જ નહિ. ૨૦

## કોનો અપયશ થાય છે ?

મનુષ્યને નિંદિત બળ વડે, નિત્ય ઉદ્યોગ વડે, બુદ્ધિની યુક્તિ વડે તથા પુરૂષાર્થ વડે ધન મળે છે ખરું, પરંતુ તેથી તે સારી પ્રશંસા પામતો નથી, તેમ જ મહાકુલીનોના આચારને પ્રાપ્ત થતો નથી. ૨૧

## કુળવાનનાં લક્ષણ

ધૃતરાષ્ટ્ર બોલ્યા :- બહુશ્રુત તથા ધર્મ અને અર્થમાં નિષ્ઠાવાળા દેવો પણ મહાકુળોની સ્પૃહા કરે છે, માટે હે વિદુર ! હું તને પૂછું છું કે, મહાકુળ કોને કહેવાય ? ૨૨

વિદુર બોલ્યા :- તપ, ઈન્દ્રિય ઉપર વિજય, વેદનું અધ્યયન, અધ્યાપન, યજ્ઞકર્મો, પવિત્ર વિવાહ, હમેશાં અન્નદાન તથા સદાચાર આ સાત ગુણો જે કુળમાં હોય છે, તે મહાકુળો જાણવાં. જેમનું સદાચરણ ચલિત થતું નથી, જેમનું આચરણ માતાપિતાને દુઃખી કરતું નથી, જેઓ પ્રસન્ન ચિત્તથી ધર્માચરણ કરે છે, કુળની કીર્તિ વધારવા ઈચ્છે છે અને અસત્યનો ત્યાગ કરે છે, તેઓને મહાકુલીન જાણવા. ૨૩-૨૪

યજ્ઞયાગ ન કરવાથી, અયોગ્ય વિવાહ કરવાથી, વેદનું અધ્યયન ન કરવાથી અને ધર્મનું ઉલ્લંઘ કરવાથી, સારાં કુળો પણ દુષ્ટ કુળો થઈ જાય છે. દેવદ્રવ્યના વિનાશથી, બ્રાહ્મણોનું દ્રવ્ય હરણ કરવાથી અને બ્રાહ્મણનું

અપમાન કરવાથી મહાકુળો પણ નીચ કુળ થઈ જાય છે. ૨૫-૨૬

હે ભારત ! બ્રાહ્મણોનો તિરસ્કાર કરવાથી, તેમની નિંદા કરવાથી તેમજ થાપણ ઓળવવાથી સારાં કુળો પણ હલકાં થઈ જાય છે. જે કુળ પુરૂષો, ઢોરઢાંખર તથા ધનથી સંપન્ન હોય, છતાં જો સદાચારથી રહિત હોય, તો તે કુળ ઉચ્ચ કુળની ગણનામાં રહેતાં નથી. ૨૭-૨૮

પરંતુ જે કુળો અલ્પ ધનવાળાં હોવા છતાં સદાચારથી સંપન્ન છે, તે ઉચ્ચ કુળની ગણનામાં ગણાય છે. અને મોટો યશ પામે છે. આથી સદાચારનું યત્નથી સદૈવ સંરક્ષણ કરવું. ધન તો આવે છે અને જાય છે. ધનથી ક્ષીણ થયેલો મનુષ્ય ક્ષીણ થયેલો ગણાતો નથી, પણ સદ્વર્તનથી ભ્રષ્ટ થયેલો મનુષ્ય તો સદાનો મૂઓ જ પડ્યો છે. ૨૯-૩૦

જે કુળો સદ્વર્તનથી હીન થઈ ગયાં છે, તે કુળો ફરી વિદ્યાઓથી, પશુઓથી, અથવા સારી સમૃદ્ધિ યુક્ત ખેતીથી પણ ચઢતીમાં આવતાં નથી. અમારા કુળમાં કોઈ વેર કરનાર ન થાઓ, પરદ્રવ્યને હરણ કરનારો રાજા અથવા અમાત્ય ન થાઓ, મિત્રદ્રોહી ન થાઓ, કપટી ન થાઓ, ખોટું બોલનારો ન થાઓ અને પિતૃ, દેવતા તથા અતિથિને ભાગ આપ્યા પહેલાં જમનારો કોઈ ન થાઓ. ૩૧-૩૨

અમારામાંથી જે કોઈ બ્રાહ્મણોની હિંસા કરનારો હોય, બ્રાહ્મણોનો દ્વેષ કરનારો હોય અથવા જે ખેતી કરનારો હોય, તે અમારી સભામાં ન આવો, અતિથિને બેસવા માટે ઘાસની ચટાઈ, ઉતારા માટે જમીન, પીવા માટે પાણી અને સત્ય મધુર વાણી. આ વસ્તુઓ સજ્જનોના ઘરોમાંથી કદી ઉચ્છેદ પામતી નથી. હે મહાજ્ઞાની રાજા ! ધર્મિષ્ઠ તથા પુણ્યકર્મવાળાં મનુષ્યોને ત્યાં સત્કાર કરવાની એ વસ્તુઓ પરમ શ્રદ્ધા વડે પ્રાપ્ત થાય છે. ૩૩-૩૫

હે રાજા ! આ સ્યંદન નામનું ઝાડ નાનું છે, છતાં ભાર ઉપાડવામાં સમર્થ છે, તેમ બીજાં ઝાડો ભાર ઉપાડી શકતાં નથી, તે જ પ્રમાણે મહાકુલીન પુરુષો આવનાર પરોણાઓનો ભાર સારી રીતે ઉઠાવી લે છે, બીજા મનુષ્યો તે પ્રમાણે કરી શકતા નથી. ૩૬

## મિત્રામિત્રનો વિચાર



જે મિત્રના કોપની બીક લાગે છે તથા જે મિત્રની સાથે શંકાપૂર્વક વર્તવું પડે છે, તે મિત્ર કહેવાતો નથી, પણ જે મિત્ર સાથે પિતાની જેમ વિશ્વાસથી વર્તી શકાય છે તે જ મિત્ર છે, બીજા તો માત્ર સંબંધવાળા છે. જે કોઈ આપણી સાથે સંબંધ વિના મિત્રભાવથી વર્તે છે, તે જ બંધુ છે, તે જ મિત્ર છે, તે જ આધાર છે અને તે જ ગતિરૂપ છે. ૩૭-૩૮

જે પુરૂષનું ચિત્ત ચંચળ છે, જે વૃદ્ધોની સેવા કરતો નથી અને જેની બુદ્ધિ ઝોલાં ખાતી હોય છે, તે પુરુષના મિત્રો નિત્ય અસ્થિર હોય છે, હંસો જેમ સુકાયેલાં સરોવરને છોડી જાય છે, તેમ લક્ષ્મી ચંચળ ચિત્તવાળા, મૂર્ખ તથા ઈન્દ્રિયોના દાસ થયેલા પુરુષને છોડી જાય છે. ૩૯-૪૦

દુર્જનોનો આ સ્વભાવ વાદળાં જેવો ચંચળ છે, તેઓ વિના કારણે કોપી ઉઠે છે. અને વિના કારણે રીઝી ઉઠે છે. મિત્રોએ પોતાનો સત્કાર કર્યો હોય તથા કામ કરી આપ્યાં હોય છતાં તેઓ તે મિત્રોનું હિત કરતા નથી, તેઓ કૃતઘ્ની છે. તેઓ જ્યારે મરી જાય છે ત્યારે માંસભક્ષક પ્રાણીઓ પણ તેમનાં શબને ખાતાં નથી. ૪૧-૪૨

પોતાની પાસે ધન હોય અથવા ન હોય, તો પણ ઉદાર મનુષ્ય મિત્રનો સત્કાર કરે છે, પણ તેનો સાર મેળવવારૂપ ભેદ જાણવાની ઈચ્છા કરતો નથી. ૪૩

## સંતાપનાં ફળ

સંતાપથી રૂપ, બળ અને જ્ઞાન નાશ પામે છે અને સંતાપથી વ્યાધી થાય છે. ૪૪

## સુખનો માર્ગ

શોકથી ઈષ્ટ વસ્તુ પ્રાપ્ત થતી નથી, શરીરે બળતરા ઉઠે છે અને શત્રુઓ અતિશય ખુશી થાય છે, માટે તમે શોકમાં મન લગાડશો નહિ. ૪૫

મનુષ્ય મરે છે અને ફરી જન્મે છે, મનુષ્ય હીન થાય છે અને ફરી વૃદ્ધિ પામે છે. યાચના કરે છે અને ફરી બીજા તેની પાસે યાચના કરે છે અને વળી મનુષ્ય બીજાનો શોક કરે છે તથા બીજાઓને પોતાનો શોક કરાવે છે. સુખ - દુઃખ, ચડતી - પડતી, લાભ - હાની અને જન્મ - મરણ, આ જોડકાંઓ અનુક્રમે સર્વને પ્રાપ્ત થાય જ છે. માટે ધીર મનુષ્યે તે સંબંધી ન તો હર્ષ માનવો

કે ન તો શોક કરવો. ૪૬-૪૭

પાંચ ઈન્દ્રિયો અને છટ્ઠું મન એ છ ઈન્દ્રિયો ચંચળ છે. તેમાંથી જે જે ઈન્દ્રિય જેમ જેમ વિષયોમાં આસક્ત થાય છે, તેમ તેમ તે તે ઈન્દ્રિયો દ્વારા પુરુષની બુદ્ધિ નિત્ય પાણી ભરેલા કાણા ઘડામાંથી પાણીની પેઠે ઝરી જાય છે. ૪૮

ધૃતરાષ્ટ્ર બોલ્યા :- લાકડામાં રૂંધાયેલા અગ્નિની પેઠે સૂક્ષ્મ ધર્મથી રૂંધાયેલા યુધિષ્ઠિર રાજા સાથે મેં કપટથી વર્તન કર્યું છે, તેથી તે યુદ્ધ કરીને મારા મૂર્ખ પુત્રોનો અંત આણશે. જેમ આ સર્વ જગત ઉદ્વેગ ભર્યું લાગે છે, તેમ મારું મન પણ નિત્ય ઉદ્વેગમાં રહે છે, માટે હે મહામતિ ! જે વાક્યોથી મારૂં મન પ્રસન્ન થાય તેવું તું મને કહે. ૪૯-૫૦

## શાન્તિનો માર્ગ

વિદુર બોલ્યા :- હે નિષ્પાપ ! જ્ઞાન વિના તપ વિના ઈન્દ્રિયોના નિગ્રહ વિના તેમજ લોભના ત્યાગ વિના તમને શાન્તિ મળે તેમ હું જોતો નથી. બુદ્ધિથી પુરૂષ સંસારના ભયને દૂર કરે છે, તપથી તેને મહત્તા મળે છે, ગુરુસેવાથી તેને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. અને ચિત્તવૃત્તિના નિરોધરૂપી યોગથી તેને શાન્તિ મળે છે. ૫૧-૫૨

આમ શાન્તિ મળે છે, એટલે મોક્ષાધિકારી પુરુષો દાનના તથા વેદાધ્યયનના પુણ્યની કામના રાખતા નથી અને રાગ તથા દ્વેષથી રહિત થઈને પૃથ્વી પર વિચરે છે. સારા અધ્યયનની, સારા યુદ્ધની, સારાં કર્મની તથા સારા તપના અંતે મનુષ્યને સુખ મળે છે. ૫૩-૫૪

## જ્ઞાતી સાથે વેર કરનારની દશા

હે રાજન્ ! ભેદદષ્ટિવાળાં અને જ્ઞાતિનાં મનુષ્યો સાથે દ્વેષબુદ્ધિ રાખનારા પુરુષો સુંદર બિછાવેલાં શયનોમાં આળોટતાં પણ કદી નિદ્રા પામતા નથી, સ્ત્રીઓના સમાગમમાં પણ પ્રીતિ અનુભવતા નથી અને ચારણોની સ્તુતિઓથી પણ પ્રસન્નતા મેળવતા નથી. એ ભેદદષ્ટિવાળાઓ કદી ધર્માચરણ કરતા નથી. આ જગતમાં સુખ પામતા નથી, ગૌરવ પામતા નથી અને શાન્તિ મેળવી શકતા નથી. ૫૫-૫૬

વળી હે રાજન્ ! એ ભેદદષ્ટિવાળાઓને હિતકારક કહેલું રુચતું નથી,



તેમનું યોગક્ષેમ ચાલતું નથી અને અંતે વિનાશ વિના તેમનો બીજે કોઈ આરો નથી. ગાયોમાં દૂધ વગેરે ગોરસની સંભાવના રખાય, બ્રાહ્મણમાં તપની સંભાવના રખાય, સ્ત્રીઓમાં ચપળતાની સંભાવના રખાય અને જ્ઞાતિથી ભયની સંભાવના રખાય. ૫૭-૫૮

નાના નાના ઘણા તથા સરખા તાંતણાઓ એકઠા થવાથી તે મજબૂત થઈને મોટા પ્રયાસને સહન કરે છે. સજ્જનોના સંબંધમાં આ ઉદાહરણ છે. હે ધૃતરાષ્ટ્ર ! બળતાં લાકડાં છૂટાં પડવાથી ધુમાય છે અને એકઠાં થવાથી બળે છે. હે ભરતશ્રેષ્ઠ ! એજ વાત જ્ઞાતિને લાગુ પડે છે. ૫૯-૬૦

## જુલમીને મળતું ફળ

હે ધૃતરાષ્ટ્ર ! જેઓ બ્રાહ્મણો, સ્ત્રીઓ, જ્ઞાતિ અને ગાય ઉપર શૂરાતન બતાવે છે, તેઓ ડીંટાંમાંથી ખરી પડતા પાકા ફળની જેમ નીચે ખરી પડે છે. ૬૧

## એકલવાઈ સ્થિતિ

વૃક્ષ ભલે મોટું હોય, બળવાન હોય તથા ઊંડા મૂળવાળું હોય, તો પણ જો તે એકલું ઊગ્યું હોય, તો વાયુ તેને ડાળીઓ સાથે પળવારમાં ઉખેડી નાખી શકે છે. પરંતુ જે વૃક્ષ એક બીજાને નજીક હોય છે અને જથ્થાબંધ રીતે ઊંડાં મૂળ ઘાલીને ઊગ્યાં હોય છે. તેઓ એક બીજાના આશ્રયને લીધે પ્રચંડ પવનની પણ ટક્કર ઝીલે છે. એ જ પ્રમાણે મનુષ્ય ભલે ગુણોથી સંપન્ન હોય, છતાં તે જો એકલો હોય, તો વાયુ જેમ એકલાં ઉગેલાં વૃક્ષને ઉખેડી શકે છે, તેમ શત્રુઓ પણ તેને ઉખાડી નાખવાનું શક્ય માને છે. ૬૨-૬૪

જ્ઞાતિઓ તો એક બીજાના જોરથી તથા આશ્રયથી સરોવરમાં રહેલા કમળોની પેઠે વૃદ્ધિ પામે છે. બ્રાહ્મણ, ગાય, જ્ઞાતિ, બાળક, સ્ત્રી, જેમનું અન્ન પોતે ખાતા હોઈએ તે અને જેઓ શરણે આવ્યા હોય તે, આટલા અવધ્ય ગણાય છે. ૬૫-૬૬

## મનુષ્યના મૂખ્ય બે ગુણ

હે રાજન્ ! તમારૂં મંગળ થાઓ. મનુષ્યમાં ધનવાનપણું અને નિરોગીતા એ બે વિના બીજા કોઈ ગુણ નથી, કારણ કે રોગીઓ તો મૂઆ જેવા જ છે. ૬૭

## ક્રોધનું સ્વરૂપ

હે મહારાજ ! વગર વ્યાધિએ અરુચી કરનાર, માથામાં વેદના કરનાર, પાપી સાથે સંબંધ રાખનાર, કઠોર, તીક્ષ્ણ, ઉષ્ણ, સજ્જનોએ પીવા યોગ્ય અને દૂર્જનો જેને પીતા નથી એવા ક્રોધને તમે પી જાઓ અને સારી પેઠે શાન્ત થાઓ. ૬૮

## રોગીની અવસ્થા

રોગથી પીડાએલાઓ પુત્ર ફળ વગેરેનો અનાદર કરતા નથી અને વિષયોમાં ઈષ્ટ અનિષ્ટનો વિવેક જાણતા નથી. દુઃખી થયેલા તે રોગીઓ નિત્ય ધનનો ઉપયોગ કરી જાણતા નથી, તેમજ તેનું સુખ પણ મેળવી શકતા નથી. હે રાજન્ ! પૂર્વે દ્યૂતમાં દ્રૌપદીને જીતેલી જોઈને મેં તમને કહ્યું હતું કે, પંડિતો દ્યુતક્રીડાનો ત્યાગ કરે છે, માટે તમે દુર્યોધનને જુગારની રમતમાંથી વારો, પરંતુ તમે મારૂં કહેવું નહોતું માન્યું. ૬૯-૭૦

## સત્ય વસ્તુનો વિચાર

સહિષ્ણુઓની સાથે જે વિરોધ કરે, તે કંઈ બળ કહેવાય નહિ. ધર્મ સૂક્ષ્મ છે અને તે આગ્રહપૂર્વક સેવવો જોઈએ. ક્રૂરના હાથમાં ગયેલી લક્ષ્મી નાશ પામે છે, પણ સરલ પુરૂષના હાથમાં ગયેલી તે જ લક્ષ્મી વૃદ્ધિ પામે છે અને દીકરાના દીકરા સુધી પહોંચે છે. હે રાજન્ ! તમારા પુત્રો પાંડવોનું પાલન કરો, અને પાંડવો તમારા પુત્રોનું રક્ષણ કરો, બન્નેમાંથી એકના પણ જે શત્રુ તથા મિત્ર હોય, તે બીજાના પણ શત્રુ તથા મિત્ર ગણાઓ. બન્નેનાં કાર્યો પણ એક સરખા જ થાઓ. આમ સર્વ કુરુવંશીઓ સમૃદ્ધિવાળા થઈ સુખેથી જીવો, હે અજમીઢવંશી ! તમે આજે કૌરવોના નેતા છો, આ કૌરવકુળ તમારે આધીન છે. આથી હે તાત ! વનવાસથી અત્યંત દુઃખી થયેલા બાળક પાંડવોનું તમે પાલન કરો અને તમારા પોતાના યશનું રક્ષણ કરો. ૭૧-૭૩

હે કૌરવરાજ ! તમે પાંડવોની સાથે સંધિ કરો. શત્રુઓ તમારી વચ્ચે ભેદની ઈચ્છા ન કરો. હે નરદેવ ! સર્વ પાંડવો સત્યનું અવલંબન કરીને રહેલા છે. આથી હે નરેન્દ્ર ! તમે દુર્યોધનને યુદ્ધથી અટકાવો. ૭૪

ઈતિ શ્રીમહાભારતે ઉદ્યોગપર્વ અંતર્ગત પ્રજાગરપર્વમાં વિદુરનીતિવાક્યનો ચતુર્થ અધ્યાયઃ ॥૪॥

## -: અધ્યાય :- ૫

## સત્તર મૂર્ખાઓનો નરકવાસ

વિદુર બોલ્યા :- હે રાજેન્દ્ર ! સત્તર પુરૂષોને સ્વાયંભુવ મનુએ આકાશને મુષ્ટિથી પ્રહાર કરનારા કહ્યા છે. હે વિચિત્રવીર્યના પુત્ર ! તેમણે તેમને મેઘમાં રહેલા, ન નમાવી શકાય તેવા ઈન્દ્રધનુષને નમાવનારા અથવા સૂર્ય, ચંદ્ર વગેરેનાં ન ઝલાય તેવા કિરણોને ઝાલનારા કહ્યા છે. (અત્યંત મૂર્ખ) ૧-૨

હે નરેન્દ્ર ! જે ઉપદેશને અયોગ્ય એવાને ઉપદેશ આપનાર, અલ્પ લાભથી સંતોષ માની બેસનાર, પોતાના સ્વાર્થને માટે શત્રુનાં પડખાં સેવનાર, સ્ત્રીઓને સાંચવ્યા કરવામાં કલ્યાણ માનનાર, યાચનાને અયોગ્યની યાચના કરનાર, જે આપબડાઈ હાકે છે, જે સારાકુળમાં જન્મ્યા છતાં અયોગ્ય કાર્ય કરનાર, નિર્બળ હોઈ બળીયા સાથે વેર રાખનાર, અશ્રદ્ધાળુને હિતવચન કહેનાર, જે અનિચ્છનીય વસ્તુની ઈચ્છા રાખનાર, પુત્રવધુની ઠટ્ઠા મશ્કરી કરનાર સસરો, સસરાની પાસે રક્ષણ મેળવ્યા છતાં તેમની પાસે માન આદિની ઈચ્છા રાખનાર, જે પરસ્ત્રીમાં અથવા પરાયા ખેતરમાં બીજ વાવનાર, સ્ત્રી સાથે હદબહારનો કજીયો કરનાર, જે પોતાને કાંઈ વસ્તુ મળ્યા છતાં મને યાદ નથી એવું કહેનાર, જે વચન આપ્યા છતાં યાચકને વચન મુજબ નહિ આપનાર અને જે દુર્જનને પણ સજ્જન કરી બેસાડે છે. આ સત્તર જણાને હાથમાં પાશ ધારણ કરનારા યમદૂતો નરકમાં લઈ જાય છે. ૩-૬

## ધર્મ એટલે શું ?

જે મનુષ્ય જેના પ્રત્યે જેવું વર્તન રાખે, તેના પ્રત્યે તે મનુષ્ય તેવું વર્તન રાખવું, એ ધર્મ છે. કપટી સાથે કપટથી વર્તવું અને સદાચારી સાથે સદાચારથી વર્તવું. ૭

## કોણ કોનો નાશ કરે છે ?

ઘડપણ રૂપનો, આશા ધીરજનો, મૃત્યુ પ્રાણોનો, ઈર્ષ્યા ધર્માચરણનો, કામ લજ્જાનો, નીચની સેવા સદ્વર્તનનો, ક્રોધ લક્ષ્મીનો અને અભિમાન

સર્વસ્વનો નાશ કરે છે. ૮

ધૃતરાષ્ટ્ર બોલ્યા :- સર્વ વેદોમાં પુરૂષને સો વર્ષના આયુષ્યવાળો કહેલો છે, તો શાથી તે આ લોકમાં સો વર્ષનું પુરું આયુષ્ય ભોગવતો નથી ? ૯

## આયુષ્ય ઘટવાનું કારણ

વિદુર બોલ્યા :- હે નરપતિ ! તમારું કલ્યાણ થાઓ, મહા અભિમાન, મર્યાદા રહિત ભાષણ, ત્યાગનો અભાવ, ક્રોધ, એકલપેટાપણું અને મિત્રદ્રોહ આ છ તીક્ષ્ણ તલવારો સમાન છે અને તેઓ જ દેહધારીઓના આયુષ્યને કાપી નાખે છે. મનુષ્યોને તેઓ જ મારે છે, મૃત્યુ મારતું નથી. ૧૦-૧૧

## કોનો સંગ ન કરવો ?

હે ભારત ! જે મનુષ્ય વિશ્વાસુની સ્ત્રીનો સંગ કરે છે, જે ગુરુપત્ની સાથે ગમન કરે છે, જે બ્રાહ્મણ થઈને શુદ્ર જાતિની સ્ત્રી સાથે સમાગમ કરે છે, જે બ્રાહ્મણ મદિરાપાન કરે, જે મજૂર પાસે મફત કામ કરાવે છે, જે બ્રાહ્મણની આજીવિકાનો નાશ કરે છે, જે બ્રાહ્મણો પાસે દાસપણું કરાવે છે અને શરણે આવેલાને હણે છે, તે સર્વે બ્રહ્મહત્યારા સમાન જાણવા. એમનો સંસર્ગ થાય તો પ્રાયશ્ચિત કરવું. એવી વેદની આજ્ઞા છે. ૧૨-૧૩

## સ્વર્ગમાં જનાર

મોટાની આજ્ઞા માનનારો, નીતિવેત્તા, દાતા, પંચયજ્ઞ કર્યા પછી બાકી રહેલું અન્ન જમનાર, કોઈને દુઃખ ન આપનાર, અનર્થકારી કૃત્ય ન કરનાર, કરેલા ઉપકારનો યાદ રાખનાર, સત્યનિષ્ઠ અને સૌમ્ય એવો વિદ્વાન સ્વર્ગલોકમાં જાય છે. ૧૪

## દુર્લભ માણસ

હે રાજન્ ! મીઠું મીઠું બોલનાર પુરુષો તો જ્યાં ત્યાં સદૈવ સહેજે મળી આવે છે, પરંતુ કડવું છતાં હિતકારી કહેનાર અને સાંભળનાર તો દુર્લભ હોય છે. ૧૫

જે પુરૂષ કેવળ ધર્મ તરફ જ દૃષ્ટિ રાખે છે અને પોતાના સ્વામીને પ્રિય લાગશે કે અપ્રિય તેની દરકાર ન રાખતાં તેની અપ્રિય છતાં હિતકારી વચન કહે છે, તે પુરૂષથી જ રાજા સહાયવાન છે. ૧૬

કુળને માટે એક પુરૂષનો ત્યાગ કરવો, ગામને માટે કુળનો ત્યાગ કરવો, દેશને માટે ગામનો ત્યાગ કરવો અને પોતાને માટે પૃથ્વીનો ત્યાગ કરવો. ૧૭

આપત્તિમાં કામ આવે એટલા માટે ધનનું રક્ષણ કરવું, ધનનો ખર્ચ કરીને પણ સ્ત્રીનું રક્ષણ કરવું અને દ્રવ્ય તથા સ્ત્રી બન્ને વડે હમેશાં પોતાનું રક્ષણ કરવું. ૧૮

## જુગારનો નિષેધ

દ્યુત એ મનુષ્યોને વેર કરાવનાર છે. એવું પૂર્વકલ્પમાં જોવામાં આવ્યું છે માટે બુદ્ધિમાન મનુષ્યે ગમ્મતને માટે પણ દ્યુત રમવું નહિ. ૧૯

હે પ્રતીપવંશી રાજા ! દ્યુત રમતી વખતે પણ આ યોગ્ય નથી, એવું વચન મેં કહ્યું હતું, પરંતુ હે વિચિત્રિવીર્યના પુત્ર ! જેમ મરવાની તૈયારીવાળાને પથ્ય ઔષધ ન રુચે, તેમ તમને તે મારૂં પથ્યવચન રૂચ્યું નહિ. ૨૦

## હિત વચન

તમે કાગળા જેવા કૌરવો વડે વિચિત્ર પીંછાંવાળા મયૂરરૂપી પાંડવોને હરાવવા ઈચ્છો છો, પણ હે નરેન્દ્ર ! આતો તમે સિંહોને છોડીને શિયાળોને સંઘરી રહ્યા છો. એટલે સમય આવ્યે તમારે આંસુ જ પાડવા પડશે. ૨૧

હે તાત ! જે સ્વામી પોતાના હિતમાં પરાયણ એવા ભક્ત સેવક ઉપર કદી ક્રોધ કરતો નથી, તે સ્વામી ઉપર સેવકોને સદૈવ વિશ્વાસ રહે છે અને આપત્કાળે પણ તેઓ તેને ત્યજી જતા નથી. પોતાના સેવકોની આજીવિકા અટકાવીને નવું રાજ્ય અથવા ધન મેળવવાની ઈચ્છા કરવી નહિ, કારણ કે એ રીતે છેતરાયેલા અમાત્યો પ્રીતીવાળા હોય તોપણ આજીવિકા વિનાના થવાથી વિરુદ્ધ થઈને પોતાના સ્વામીનો ત્યાગ કરે છે. ૨૨-૨૩

આથી પ્રથમ પોતાના સર્વ કાર્યોની સાધ્યતા તથા અસાધ્યતા વિશે નિર્ણય કરવો, તેમજ આવક જાવકને અનુલક્ષીને સેવકો માટે પગારની ગોઠવણ કરવી, એ પછી યોગ્ય સહાયકોનો સંગ્રહ કરવો, કારણ કે દુષ્કર કાર્યો સહાયથી જ સાધ્ય થાય છે, જે સેવક પોતાના સ્વામીનો અભિપ્રાય સમજીને સર્વ કાર્યો આળસ રહિત થઈને કરે છે, જે હિતકારી વચન કહે છે, જે પ્રેમ રાખે છે, જે પોતાની શક્તિને જાણે છે અને જે ઉત્તમ આચરણ રાખે

છે, તેને સ્વામીએ પોતાના જેવો સમજીને તેના ઉપર અનુગ્રહ કરવો. ૨૪-૨૫

જે સેવક કહેલાં વચનોનો અનાદર કરે છે, કામ કરવાનું કહેતાં ઊલટો ઉત્તર આપે છે, પોતાની બુદ્ધિને માટે અભિમાની રહે છે અને આજ્ઞાથી વિરુદ્ધ બોલે છે, તેવા સેવકને એકદમ કાઢી મૂકવો. ૨૬

## દૂત કેવો જોઈએ ?

ગર્વ રહિત, સામર્થ્યવાન, સીઘ્ર કામ કરનાર, દયાળુ, મીઠા સ્વભાવનો, બીજાથી ન ફુટી જનારો, નિરોગી અને યુક્તિ ભરેલું તથા મહાન અર્થવાળું બોલનારો, એ આઠ ગુણોથી જે સંપન્ન હોય તેને દૂત કહે છે. ૨૭

## સામાન્ય નીતિ

સમજુ મનુષ્યે સાયંકાળ જેવા કસમયે અવિશ્વાસપાત્રને ઘેર વિશ્વાસ પૂર્વક જવું નહિ, રાતે ચકલામાં છુપાઈ રહેવું નહિ અને રાજાની કામનાપાત્ર સ્ત્રીને ભોગવવાની ઈચ્છા કરવી નહિ, ઘણાએ મળીને જે મસલત કરી હોય તે ખરાબ હોય તો પણ તેનો નિષેધ કરવો નહિ, તેમ જ મને તારામાં વિશ્વાસ નથી, એમ પણ કહેવું નહિ, પરંતુ કંઈ સકારણ કામનું બહાનું કાઢીને ત્યાંથી દૂર થઈ જવું. ૨૮-૨૯

લજ્જાશીલ રાજા, વ્યભિચારીણી સ્ત્રી, રાજસેવક, પુત્ર, ભાઈ, બાળક, પુત્રવાળી માતા, વિધવા, સેનાપતિ અને અધિકાર ઉપરથી દૂર કરેલો મનુષ્ય એટલાની સાથે દ્રવ્ય વ્યવહારનો સંબંધ રાખવો નહિ. ૩૦

બુદ્ધિ, કુલિનતા, શાસ્ત્રજ્ઞાન, ઈન્દ્રિયનિગ્રહ, પરાક્રમ, અલ્પ ભાષણ, યથાશક્તિ દાન અને કૃતજ્ઞતા આ આઠ ગુણો પુરૂષને દીપાવે છે. ૩૧

હે તાત ! એ મહાન ગુણોને પણ એક રાજસન્માનરૂપી ગુણ દીપાવે છે. રાજા કોઈ મનુષ્યનો સત્કાર કરે છે, તો તે મનુષ્યમાં બીજા ગુણો ન હોય તો પણ રાજસન્માનરૂપી એક ગુણ ઉપલા સર્વ ગુણોને પોષે છે. ૩૨

## દસ લાભ

સ્નાન કરનારા મનુષ્યને બળ, રૂપ, સ્વરશુદ્ધિ, સ્પષ્ટ વર્ણોચ્ચાર, ત્વચાની કોમળતા, સુગંધ, પવિત્રતા, શોભા, લાવણ્ય અને ઉત્તમ સ્ત્રીઓ, આ દસ ગુણો પ્રાપ્ત થાય છે. ૩૩

## છ લાભ

માપસર ભોજન કરનાર મનુષ્યને આરોગ્ય, આયુષ્ય, બળ, સુખ, સારી સંતતિ અને ખાઉધરાપણાની નિંદાથી બચાવ આ છ લાભ પ્રાપ્ત થાય છે. ૩૪

## કોને ઘરમાં આવવા દેવો નહિ ?

આળસુ, બહુ ભોજન કરનાર, લોકને અણગમતો, મહાકપટી, ક્રુર, દેશકાળને ન જાણનાર અને ખરાબ વેશવાળો આટલા જણને ઘરમાં વાસ આપવો નહિ. ૩૫

## કોની યાચના કરવી નહિ ?

કંઠે પ્રાણ આવ્યા હોય તો પણ કંજુસ, ગાળ ભાંડનાર, મૂર્ખ, માછી, ધૂર્ત, હલકાને માન આપનાર, નિર્દય, વેર કર્તા અને કૃતઘ્ની એટલાની પાસે કદી યાચના કરવી નહિ. ૩૬

બંડખોર, અતિ પ્રમાદી, નિત્ય ખોટું બોલનાર, સાધારણ ભક્તિવાળો, સ્નેહ છોડી દેનાર અને પોતાને ચતુર માનનાર આ છ અધમ પુરુષોને સેવવા નહિ. ૩૭

## સામાન્ય ઉપદેશ

સહાયકો હોવાથી ધન મળે છે અને ધનથી સહાયકો મળે છે. એ બન્ને એકબીજાનો આશ્રય કરીને રહેલા છે, તેથી તેમાંના એક વિના બીજાની સિદ્ધિ થતી નથી. ૩૮

પુત્રોને ઉત્પન્ન કરી તેમને ઋણ વિનાના કરીને, તેમ જ તેમને કંઈક આજીવિકા કરી આપીને અને સર્વ કુમારી પુત્રીઓને યોગ્ય ઠેકાણે પરણાવીને પછી અરણ્યમાં રહીને મુનિ થવાની ઈચ્છા કરવી. ૩૯

જે કર્મ સર્વ પ્રાણીઓને હિતકારી હોય અને પોતાને સુખકારક હોય, તે કર્મ ઈશ્વર અર્પણ બુદ્ધિથી કરવું, કારણ કે સર્વ ફળની સિદ્ધિને માટે એ પ્રકારનાં કર્મ જ મૂળ સાધનરૂપ છે. ૪૦

ધનાદિની વૃદ્ધિ, પ્રભાવ, તેજ, ધર્મ તથા જ્ઞાનના ઐશ્વર્યરૂપ સત્ત્વ, ઉદ્યોગ અને નિશ્ચય, આટલું જેને હોય તેને જીવિકાના અભાવનો ભય ક્યાંથી

હોય ? ૪૧

હે રાજા ! પાંડવોની સાથે વિરોધ કરવામાં કેટલા દોષો છે, તે તમે જુઓ, એ વિરોધ છતાં ઈન્દ્ર સહિત સર્વે દેવો વ્યથા પામશે, પુત્રો સાથે વેર થશે, નિત્ય ચિંતાતુર રહેવું પડશે, યશ નાશ પામશે અને શત્રુઓ હર્ષ પામશે. હે ઈન્દ્ર તુલ્ય રાજા ! ભીષ્મનો, તમારો, દ્રોણનો અને યુધિષ્ઠિરરાજનો કોપ વૃદ્ધિ પામશે, તો તે આકાશમાં આડા ઊગતા ધૂમકેતુની પેઠે આ લોકોનો નાશ કરશે. ૪૨-૪૩

## શાન્તિનું ફળ

પણ તમે આ વિરોધ શાંત કરો તો તમારા સો પુત્રો, કર્ણ અને પાંચ પાંડવો આ સમુદ્ર પર્યંતની આખી પૃથ્વીનું રાજ્ય કરશે. હે રાજન્ ! મારા મત પ્રમાણે ધૃતરાષ્ટ્રપુત્રો વનરૂપ છે અને પાંડવો તેમાના વાઘ છે. માટે તમે વાઘ સાથે વનનો નાશ કરશો નહિ અને વનમાંથી વાઘનો નાશ થાઓ નહિ. ૪૪-૪૫

વાઘ વિના વન રહેતું નથી અને વન વિના વાઘો રહેતા નથી, કારણ કે વાઘોથી વનનું રક્ષણ થાય છે અને વન વાઘોનું રક્ષણ કરે છે. ૪૬

દુષ્ટબુદ્ધિવાળા લોકો બીજાના દોષો જોવાની જેવી ઈચ્છા રાખે છે, તેવી તેઓના ઉત્તમ ગુણો જાણવાની ઈચ્છા રાખતા નથી. ૪૭

## ધનનું મૂળ ધર્મ છે

જેને ઘણું ધન મેળવવાની ઈચ્છા હોય, તેણે પ્રથમથી જ ધર્માચરણ કરવું, કારણ કે જેમ અમૃત સ્વર્ગલોકમાંથી દૂર થતું નથી, તેમ ધન ધર્મથી દૂર થતું નથી. ૪૮

જેણે પાપથી દૂર થયેલા પોતાના મનને કલ્યાણમાં જોડ્યું છે તેણે પ્રકૃતિ (માયા) તથા વિકૃતિ (મહત્તત્ત્વાદિ) એટલું કે સારૂં નરસું સર્વ જાણ્યું છે. જે મનુષ્ય ધર્મ, અર્થ તથા કામનું યથા સમયે સેવન કરે છે, તેને આ લાકમાં તથા પરલોકમાં ધર્મ, અર્થ અને કામનો સંબંધ પ્રાપ્ત થાય છે. ૪૯-૫૦

હે રાજા ! જે મનુષ્ય ક્રોધ તથા હર્ષથી ઉપજેલા વેગને સારી પેઠે કબજે રાખે છે અને જે સંકટમાં મુંઝાતો નથી, તેને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૫૧

## પાંચ પ્રકારનાં બળ

પુરૂષોનું બળ નિત્ય પાંચ પ્રકારનું છે. તે તમે મારી પાસેથી સાંભળો. જે બાહુબળ છે, તે તો હલકું બળ કહેવાય છે, તમારૂં કલ્યાણ થાઓ, અમાત્યનો લાભ એ બીજું બળ કહેવાય છે, વિદ્વાનો ધનલાભને ત્રીજું બળ કહે છે. ૫૨-૫૩

હે રાજન્ ! મનુષ્યનું બાપદાદાથી ચાલતું આવેલું જે સ્વાભાવિક કુળબળ છે, તેને ચોથું બળ કહેલું છે, હે ભારત ! એ સર્વ બળનો જેમાં સમાવેશ થાય છે અને જે સર્વ બળમાં શ્રેષ્ઠ છે તે બુદ્ધિબળ કહેવાય છે. ૫૪-૫૫

મહા અનિષ્ઠ કરવા સમર્થ હોય, એવા મનુષ્યની સાથે વેર કરીને હું તેનાથી દૂર છું, એમ વિશ્વાસ કરવો નહિ. સ્ત્રી, રાજા, સર્પ, વેદાધ્યયન, સમર્થ શત્રુ, વૈભવ અને આયુષ્ય એટલાનો વિશ્વાસ કયો ડાહ્યો મનુષ્ય કરે ? ૫૬-૫૭

બુદ્ધિરૂપી બાણથી હણાયેલા પ્રાણીને સાજો કરવા વૈદ્યો, ઔષધો, હોમ, મંત્રો, પુણ્યકર્મો, અથર્વવેદના પ્રયોગો અથવા સિદ્ધ રસાયણો પણ સમર્થ થતાં નથી. હે ભારત ! સર્પ, અગ્નિ, સિંહ અને જ્ઞાતિ એ ચારનું મનુષ્યે અપમાન કરવું નહિ, કારણ કે એ સર્વે અતિ તેજસ્વી હોય છે. ૫૮-૫૯

## સ્વતેજનો પ્રતાપ

લોકમાં અગ્નિરૂપ મહાન તેજ કાષ્ટમાં ગુપ્ત રહે છે, તે બીજાએ ચેતવ્યું ન હોય ત્યાં સુધી પોતાના રહેવાના કાષ્ઠને પણ બાળતું નથી. પરંતુ તેને જ જ્યારે લાકડાંઓનું મંથન કરીને ચેતાવવામાં આવે છે. ત્યારે તે પોતાના તેજ વડે પેલાં લાકડાંને તથા બીજાં વનને પણ સપાટાબંધ બાળીને ભસ્મ કરી નાખે છે. ૬૦-૬૧

એ પ્રમાણે જ ઉત્તમ કુળમાં જન્મેલા પાંડવો અગ્નિ જેવા તેજસ્વી છે, ક્ષમાશીલ છે અને બહારથી પોતાનો આકાર ઢાંકીને કાષ્ઠમાં રહેનારા અગ્નિની પેઠે રહ્યા છે. ૬૨

## સંપ ત્યાં જંપ

મારા માનવા પ્રમાણે તમે પુત્રો સહિત લતારૂપ છો અને પાંડવો મહા વૃક્ષરૂપ છે. મહાવૃક્ષનો આશ્રય કર્યા વિના લતા કદી વૃદ્ધિ પામતી

નથી. ૬૩

હે અંબિકાપુત્ર ! તમારો પુત્ર વનને ઠેકાણે છે. અને પાંડવો તે વનમાં રહેલા સિંહ છે. હે રાજન્ ! આ તમે જાણો. હે તાત ! સિંહ વિનાનું વન વિનાશ જ પામે છે અને વન વિનાના સિંહો પણ વિનાશ પામે છે. ૬૪

ઈતિ શ્રીમહાભારતે ઉદ્યોગપર્વ અંતર્ગત પ્રજાગરપર્વમાં

વિદુરનીતિવાક્યનો પંચમઃ અધ્યાયઃ ।।૫।।

**-: અધ્યાય :- ૬**

વિદુર બોલ્યા :- વૃદ્ધ પુરુષ આવે છે ત્યારે તરુણના પ્રાણ નીકળીને આગળ આવે છે, પણ એ તરુણ તે વૃદ્ધની સામે જઈને તથા તેને અભિવંદન કરીને પુનઃ પ્રાણોને પોતાની અંદર પ્રાપ્ત કરે છે. પોતાને ઘેર કોઈ સત્પુરુષ આવે, ત્યારે ધીર પુરુષે પ્રથમ તેને બેસવા માટે આસન આપવું. પછી પાણી લાવીને તેના પગ ધોવા, તે પછી તેનું કુશળ પૂછીને પોતાની સ્થિતિ નિવેદન કરવી અને પછી તેને આદરપૂર્વક ભોજન કરાવવું. ૧-૨

જે ગૃહસ્થાશ્રમીના ઘરમાં તેના લોભને લીધે, રાજ્યાદિમાં ધનવાનપણાની ખ્યાતિ થવાના ભયથી કે કુપણતાને કારણે મંત્રવેત્તા પુરુષને જળ, મધુપર્ક અને ગાય ન મળે, તે ગૃહસ્થનું જીવતર ફોગટ છે, એમ આર્ય પુરુષો કહે છે. ૩

## આતિથ્યને પાત્ર કોણ નથી ?

વૈદ્ય, શસ્ત્ર ઘડનાર, બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલો, ચોર, ક્રુર, મદ્યપાન કરનારો, ગર્ભપાત કરનારો, સૈનિક, અને વેદવિક્રય કરનારો એટલા જણા જળને આપવાને માટે પણ યોગ્ય નથી, તો પણ તેમાંનો કોઈ અતિથિ તરીકે પોતાને ત્યાં આવ્યો હોય, તો તેનું પ્રેમથી સ્વાગત કરવું. ૪

## અતિથિ કોણ કહેવાય ?

મીઠું, રાધેલું અન્ન, દહીં, દૂધ, મધ, તેલ, ઘી, તલ, માંસ, ફળ, મૂળ, શાક, લાલ વસ્ત્ર, સર્વ સુગંધી પદાર્થો અને ગોળ એટલી વસ્તુ વેચવા યોગ્ય નથી, (પરંતુ એ વેચનારો અતિથિ તરીકે આવ્યો હોય તો તેનું સ્વાગત કરવું.) ૫

જે રોષ રહિત છે, માટીનું ઢેફું, પથ્થર તથા સોનાને સમાન ગણે છે,



શોકમુક્ત છે, સ્નેહ તથા વેરથી પર છે, નિંદા તથા પ્રશંસાથી ઉપરામ પામ્યો છે, સુખ તથા દુઃખને સમાન લેખે છે, અને જે ઉદાસીનની પેઠે રહે છે, તેને ખરો ભિક્ષુ અતિથિ જાણવો. ૬

સામો વગેરે ધાન્ય, મૂળ, ઈંગોરિયાં તથા શાકભાજી ઉપર નિર્વાહ કરનાર, મનને સારી પેઠે વશ રાખનાર, અગ્નિહોત્રના કાર્યમાં કુશળ, વનમાં વાસ કરનાર, અતિથિ સત્કારમાં સાવધાન અને પુણ્યકર્મ કરનાર પુરુષને અતિથિ જાણવો. ૭

## ન કરવા યોગ્ય અને કરવા યોગ્ય

બુદ્ધિમાન પુરુષનો અપકાર કરીને 'હું દૂર છું,' એવા વિશ્વાસથી બેસી રહેવું નહિ, કારણ કે બુદ્ધિમાનના બુદ્ધિરૂપી હાથ ઘણા લાંબા હોય છે, એટલે તે હાથથી તે અપકાર કરનારાનો નાશ કરે છે. ૮

અવિશ્વાસુ મનુષ્યનો વિશ્વાસ કરવો નહિ, તેમ વિશ્વાસુનો પણ અતિ વિશ્વાસ રાખવો નહિ, કારણ કે વિશ્વાસથી ઉત્પન્ન થયેલો ભય મૂળને પણ કાપી નાખે છે. ૯

પુરુષે કોઈની ઈર્ષ્યા કરવી નહિ, પોતાની સ્ત્રીનું રક્ષણ કરવું, જે મળે તે પોષ્યવર્ગને વહેંચી આપવું, પ્રિય બોલવું, સ્ત્રિઓની સાથે કોમળ રહેવું, મધુર બોલવું પણ તેઓને વશ થઈ જવું નહિ. પૂજવા યોગ્ય મહાભાગ્યશાળી, પવિત્ર અને ઘરને અજવાળનારી સ્ત્રીઓ ઘરની લક્ષ્મી કહેવાય છે, માટે તેમનું વિશેષ પ્રકારે રક્ષણ કરવું જોઈએ. ૧૦-૧૧

પિતાને અંતઃપુરનું રક્ષણ સોંપવું, માતાને રસોડું સોંપવું, ગાય વગેરે પશુઓ ઉપર પોતાની પેઠે કાળજી રાખનારો હોય એવાની નિમણૂક કરવી અને ખેતી ઉપર જાતે જ કામે જવું. ૧૨

## જેનું જે કારણ તેમાં તે લય પામે.

સેવકો પાસે વ્યાપાર કાર્ય કરાવવું અને પુત્રો દ્વારા બ્રાહ્મણની સેવા કરાવવી. પાણીથી અગ્નિ ઉત્પન્ન થયો છે, બ્રાહ્મણોથી ક્ષત્રિયો ઉત્પન્ન થયા છે અને પાષાણથી લોઢું ઉત્પન્ન થયું છે. ૧૩

તેમનું તેજ સર્વવ્યાપક છે, પરંતુ તે પોતાના ઉત્પત્તિસ્થાનમાં શાંત થઈ જાય છે. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા સજ્જનો નિત્ય અગ્નિના જેવા

તેજસ્વી હોય છે. છતાં તેઓ કાષ્ઠમાં ગુપ્ત રહેલા અગ્નિની પેઠે બહારથી શાંત તથા ગુપ્ત રહે છે. ૧૪

જે રાજાની મસલતને બહારનું તથા ઘરનું કોઈ જાણતું નથી અને જે દૂતો દ્વારા બીજાની મસલતોને જાણી લે છે, જે કામ કરવાનાં હોય તે કામ પહેલાંથી જાહેર કરે નહિ અને કર્યા પછી જ બતાવે છે, તે રાજા ઘણા કાળપર્યંત રાજ્ય ભોગવે છે. એમ કરવાથી મસલત ફૂટતી નથી. ૧૫-૧૬

## ગુપ્ત વિચાર કરવાનાં સ્થાનો

પર્વત ઉપર ચઢીને અથવા મહેલના એકાંતમાં જઈને અથવા ઘાસ વિનાના અરણ્યમાં જઈને મસલત કરવાથી તે ફૂટતી નથી. હે ભારત ! ઉત્તમ મસલત જાણવાને માટે મિત્ર સિવાય બીજું કોઈ અધિકારી નથી. ૧૭-૧૮

## મંત્રીની પરીક્ષા

મિત્ર હોય છતાં તે પંડિત હોય અને પંડિત હોય છતાં બહુ બોલકો હોય, તેને પણ ગુપ્ત વિચાર જણાવવો નહિ. રાજાએ પરીક્ષા કર્યા વિના કોઈને પણ પોતાનો મંત્રી કરવો નહિ. કારણ કે અર્થ પ્રાપ્તિ અને મંત્રરક્ષણ, એ બન્ને મંત્રીને આધીન હોય છે. જે રાજાના ધર્મ, અર્થ તથા કામ સંબંધી સર્વ કાર્યો સિદ્ધ થયા પછી જ સભાસદોના જાણવામાં આવે છે, તે રાજા સર્વે રાજાઓમાં શ્રેષ્ઠ છે, એવા ગુપ્ત મસલતવાળા રાજાનાં કાર્યો અવશ્ય સિદ્ધ થાય છે. ૧૯-૨૧

જે રાજા મોહને લીધે અશુભ કાર્યો કરે છે, તે રાજા અશુભ કર્મની દુષ્ટતાને કારણે જીવથી માર્યો જાય છે. ૨૨

## સુખ દુઃખનાં કારણ

પ્રશંસાપાત્ર કામ કરવાથી સુખ મળે છે અને તે ન કરવાથી પશ્ચાતાપ થાય છે, એવું વિદ્વાનું માનવું છે. ૨૩

જેમ બ્રાહ્મણ વેદ ભણ્યા વિના નિમંત્રણને યોગ્ય ગણાતો નથી તેમ સંધિ, વિગ્રહાદિ છ ગુણોની સમજ વિનાનો પુરુષ મસલત સાંભળવાને યોગ્ય ગણાતો નથી. ૨૪

## પૃથ્વી કોને વરે છે ?

હે રાજા ! સ્થિતિ, વૃદ્ધિ તથા ક્ષયને જાણનારો, સંધિ આદિ છ ગુણના



જ્ઞાન વડે પોતાના સ્વરૂપને ઓળખનારો અને સત્કારપાત્ર શીલવાળો રાજા પૃથ્વીને સ્વાધીન કરે છે. ૨૫

જે રાજાનો ક્રોધ તથા હર્ષ સફળ છે, જે પોતે કામ કરીને તેની વારંવાર દેખરેખ રાખે છે અને જે પોતે જ ભંડારની સંભાળ લે છે, તેને આ વસુંધરા ધન આપ્યા જ કરે છે. ૨૬

રાજાએ રાજપદથી તથા છત્રથી જ સંતુષ્ટ રહેવું અને સંપત્તિ સેવકોને વહેંચી આપવી, પણ એકલાએ જ સર્વ લઈ લેવું નહિ. ૨૭

## કોણ કોની પરીક્ષા કરી શકે ?

બ્રાહ્મણ બ્રાહ્મણના સ્વરૂપને, પતિ પત્નીના સ્વરૂપને, રાજા આમાત્યના સ્વરૂપને ઓળખે છે, અને રાજાના સ્વરૂપને રાજા જ ઓળખે છે. વધ કરવા યોગ્ય શત્રુ વશમાં આવ્યો હોય તો તેને જતો કરવો નહિ. શક્તિ ન હોય તો નીચા વળીને તેની સેવા કરવી, પણ બળ હોય તો તેનું કાસળ કાઢી નાખવું, કારણ કે તેવો શત્રુ જીવતો જાય, તો થોડા જ સમયમાં તેનાથી ભય ઉત્પન્ન થાય છે. ૨૮-૨૯

દેવતા, રાજા, બ્રાહ્મણ, વૃદ્ધ, બાળક અને રોગી એટલાની સાથે પ્રસંગ પડતાં સર્વદા પ્રયત્ન પૂર્વક ક્રોધને વશ રાખવો. ૩૦

ડાહ્યા મનુષ્યે મૂર્ખાઓએ સેવેલા નિરર્થક કલેશનો ત્યાગ કરવો, કારણ કે એવા ત્યાગથી લોકમાં કીર્તિ મળે છે અને કોઈ અનર્થ થતો નથી. ૩૧

જેમ સ્ત્રીઓ નપુંસક પતિને ઈચ્છતી નથી, તેમ જેની રીઝ નિષ્ફળ હોય અને જેની રીસ પણ નિર્થક હોય, તેવા રાજાને પ્રજા ઈચ્છતી નથી. બુદ્ધિ કાંઈ ધનનો લાભ કરાવતી નથી, અને મૂર્ખતા કંઈ ધનની હાની કરાવતી નથી, પણ બુદ્ધિમાન આલોક તથા પરલોકના વૃત્તાંતને જાણે છે, અને મૂર્ખ એ જાણતો નથી. ૩૨-૩૩

હે ભારત ! મૂર્ખ મનુષ્ય હમેશાં વિદ્યા, શીલ અને અવસ્થામાં મોટા, વળી ધનમાં અને જાતિમાં ઊંચા એવા પુરુષોનું અપમાન કરે છે. જે મનુષ્ય દુરાચારી, મૂર્ખ, ઈર્ષ્યાખોર, અધર્મિ, દુષ્ટ વાણીવાળો તથા ક્રોધી હોય છે, તેના પર જલદી સંકટો આવી પડે છે. ૩૪-૩૫

## શત્રુ પણ મિત્ર થાય છે.

છેતરપીંડી ન કરવી, દાન આપવું, ઠરાવેલી મર્યાદાનું પાલન કરવું અને મીઠી વાણી બોલવી, એટલાથી પ્રાણીઓને પોતાના પક્ષના કરી લેવાય છે. જે અવળું બોલતો નથી, ચતુર, કૃતજ્ઞ,બુદ્ધિમાન અને સરળ પ્રકૃતિનો છે તેનો ભંડાર ક્ષીણ થઈ ગયો હોય તો પણ તેને સેવક, મિત્ર વગેરે પરિવાર આવી મળે છે. ૩૬-૩૭

ધૈર્ય, શાંતિ, ઈંદ્રિયનિગ્રહ, પવિત્રતા, દયા, કોમળ વાણી, અને મિત્રદ્રોહનો ત્યાગ આ સાત લક્ષ્મીને વધારે છે. ૩૮

## ત્યાગ કરવા લાયક રાજા

હે નરનાથ ! જે રાજા પોષ્યવર્ગને આપ્યા વિના જ ખાઈ જાય છે, જે દુષ્ટ મનનો છે, કૃતઘ્ની છે અને જે નિર્લજ્જ છે તેનો ત્યાગ કરવો. ૩૯

પોતે દોષવાન છતાં જે ઘરમાના દોષરહિત મનુષ્યોને કોપાવે છે, તે જાણે સાપવાળા ઘરમાં રહેતો હોય તેમ રાત્રે સુખે ઉંઘવા પામતો નથી. ૪૦

## કોને રાજી રાખવો ?

હે ભારત ! જો મનુષ્યો ગુસ્સે થાય તો પોતાના યોગક્ષેમમાં અડચણ આવે છે, તે મનુષ્યોને દેવોની જેમ નિત્ય પ્રસન્ન રાખવા. જે ધનાદિ અર્થો, સ્ત્રી, પ્રમાદી, પતિત અને અનાર્યને હાથે ગયા હોય છે, તે સર્વ ભાગ્યે જ પાછા મળે છે. ૪૧-૪૨

હે રાજન્ ! જ્યાં સ્ત્રી, ધૂર્ત અથવા બાળકની સત્તા ચાલતી હોય, ત્યાંના લોકો નદીમાં પથ્થરની નાવમાં બેઠેલા પેઠે ડૂબી જાય છે. ૪૩

## પંડિત

હે ભારત ! જેઓ મૂખ્ય કાર્યમાં જ પ્રવૃત્ત થાય છે અને વધારે ભાંજગડમાં પડતા નથી, તેઓને હું પંડિત માનું છું, કારણ કે ફોકટની પંચાયતમાં પડનાર તો કલેષકારી થઈ પડે છે. ૪૪

ધૂર્તો જેનાં વખાણ કરે છે, ચારણ જેના વખાણ કરેછે અને વેશ્યાઓ જેનાં વખાણ કરે છે, તે મનુષ્ય કદી જીવી શક્તો નથી. ૪૫

હે ભારત ! તમે મહા ધનુર્ધારી તથા અમાપ પરાક્રમી પાંડવોનો ત્યાગ કરીને, દુર્યોધનને મોટું ઐશ્વર્ય આપ્યું છે. પરંતુ ઐશ્વર્યના મદથી મૂઢ થયેલો બલિરાજા જેમ ત્રણ લોકના રાજ્યથી ભ્રષ્ટ થયો હતો, તેમ તમે પણ દુર્યોધનને થોડા સમયમાં રાજ્યથી ભ્રષ્ટ થયેલો જોશો. ૪૬-૪૭

ઈતિ શ્રીમહાભારતે ઉદ્યોગપર્વ અંતર્ગત પ્રજાગરપર્વમાં
વિદુરનીતિવાક્યનો છટ્ઠો અધ્યાયઃ ॥૬॥

## -: અધ્યાય :- ૭

ધૃતરાષ્ટ્ર બોલ્યા :- હે મહાબુદ્ધિમાન વિદુર ! સૂતર પરોવેલી લાકડાની પૂતળીની પેઠે વિધાતાએ આ પુરુષને દૈવને આધિન કરેલો છે, તેથી એ ઐશ્વર્ય અને અનૈશ્વર્યના સંબંધમાં સ્વતંત્ર નથી. આથી તું મને બોધવચનો કહે, હું તે ધીરજથી સાંભળવા બેઠો છું. ૧

વિદુર બોલ્યા :- હે ભારત ! સ્વયં બૃહસ્પતિ પણ જો કસમયે વચન બોલે છે તો તેનું પણ અપમાન થાય છે અને તેની બુદ્ધિ પણ લેખામાં લેવાતી નથી. ૨

## મિત્ર

કોઈ વસ્તુ આપવાથી મિત્ર થાય છે, કોઈ પ્રિય ભાષણથી મિત્ર થાય છે અને કોઈ મંત્ર તથા મૂળના બળથી મિત્ર થાય છે. પણ જે સહજ મિત્ર થાય છે તે જ ખરો મિત્ર છે. ૩

જે દ્વેષપાત્ર છે, તે મિત્ર થતો નથી, બુદ્ધિમાન કે પંડિત પણ જણાતો નથી. જેટલાં કામ મિત્ર કરે છે તેટલાં સારાં લાગે છે અને જેટલાં કામ શત્રુ કરે છે તેટલાં કામ અવશ્ય નકામાં લાગે છે. ૪

હે રાજન્ ! દુર્યોધનનો જન્મ થયો તે વખતે જ મેં કહ્યું હતું કે, તમે આ એક પુત્રને ત્યજી દો, કારણ કે એના ત્યાગથી સો પુત્રની વૃદ્ધિ થશે અને એનો ત્યાગ ન કરવાથી સો પુત્રનો નાશ થશે. ૫

## ઘટાડો પણ ઉત્તમ

જે વૃદ્ધિ, પરિણામે ક્ષયકારી છે, તે વૃદ્ધિને શ્રેષ્ઠ માનવી નહિ, પણ જે ક્ષય પરિણામે વૃદ્ધિ કરે, તે ક્ષય પણ શ્રેષ્ઠ માનવો. હે મહારાજ ! જે ક્ષય છેવટે વૃદ્ધિ કરાવે છે તે ક્ષય જ નથી, પણ મેળવ્યા પછી ઘણાનો નાશ થાય તેને જ આલોકમાં ક્ષય માનવો. ૬-૭

કેટલાક ગુણથી સમૃદ્ધિવાળા હોય છે, તો કેટલાક ધનથી સમૃદ્ધિવાળા

હોય છે. તો હે ધૃતરાષ્ટ્ર ! તેમાં જેઓ ધનથી સમૃદ્ધિવાળા હોવા છતાં ગુણથી રહિત છે, તેમનો તમે ત્યાગ જ કરો. ૮

ધૃતરાષ્ટ્ર બોલ્યા :- હે વિદુર ! તું આ બધું શાણાઓને માન્ય એવું તથા હિતકારી બોલે છે, પણ પુત્રને ત્યજવાની મારી હિંમત નથી. બાકી, જ્યાં ધર્મ છે ત્યાં જ જય છે. ૯

વિદુર કહ્યું :- જે મનુષ્ય ઘણો ગુણવાન તથા વિનયવાન હોય છે, તે પ્રાણીઓનાં અલ્પ દુઃખ તરફ પણ કદી ઉપેક્ષા કરતો નથી. ૧૦

## નિંદિત સંગ

જેઓ પરનિંદા કરવામાં તથા અન્યને દુઃખ દેવામાં તત્પર રહે છે, તેમ જ જેઓ પરસ્પર વિરોધ જગાવવાનો સતત પ્રયત્ન કરે છે, જેમનાં દર્શન પાપકારી છે, જેમનો સહવાસ મહાભયંકર છે, જેમની પાસેથી પૈસા લેવાથી મોટો અનર્થ થાય છે, જેમને પૈસા આપવામાં મોટો ભય રહે છે, જેમનો વ્યવસાય એકબીજામાં ભેદ પડાવવાનો છે, જેઓ કામી, નિર્લજ્જ તથા શઠ છે, જેઓ પાપી તરીકે પ્રખ્યાત છે, જેમની સાથેનો સહવાસ નિંદાપાત્ર ગણાય છે અને જેઓ બીજા મહાદોષોથી ભરેલા છે તે મનુષ્યોનો ત્યાગ જ કરવો. કારણ કે મિત્રતાનું કારણ સમાપ્ત થતાં જ નીચ મનુષ્યમાં પ્રેમ, મિત્રતાનું ફળ અને સ્નેહનું સુખ નાશ પામે છે. વળી નીચનું થોડું સરખું પણ બૂરું કરવામાં આવે, તો તે મિત્રને અપવાદ આપવાનો તથા તેનો વિનાશ કરવાનો પ્રયત્ન કરે છે અને મૂરખતાને લીધે કોઈ રીતે શાન્ત થતો નથી. માટે તેવા નીચ, ક્રુર તથા ઉચ્છૃંખલ મનુષ્યોની સંગતિનો પ્રસંગ આવે તો વિદ્વાન પુરુષે સારી રેઠે બુદ્ધિપૂર્વક વિચાર કરવો અને તેમની સંગતિને દૂરથી જ વર્જવી. ૧૧-૧૬

## સંગ કરવા યોગ્ય

જે પોતાના દીન, દુઃખી તથા દરિદ્રી જ્ઞાતિબંધુ પર દયા કરે છે, તેનાં પશુ અને પુત્ર વૃદ્ધિ પામે છે. અને તે પરમ કલ્યાણ ભોગવે છે. આથી જેઓ પોતાનું શુભ ઈચ્છતા હોય, તેઓ એ જ્ઞાતિજનોની ઉદય વૃદ્ધિ કરવી, એટલે હે રાજેન્દ્ર ! તમે પણ સારી રીતે કુળની વૃદ્ધિ થાય તે પ્રમાણે આચરણ કરો. હે રાજન્ ! જ્ઞાતિને સત્કારનારો કલ્યાણથી મુક્ત થાય છે. હે ભરતશ્રેષ્ઠ ! જ્ઞાતિજનો ગુણરહિત હોય તો પણ તેમનું રક્ષણ કરવું જોઈએ, ત્યારે ગુણસંપન્ન અને તમારી કૃપાના આકાંક્ષી એવા પાંડવો માટે તો કહેવું જ શું ? ૧૭-૨૦

હે પૃથ્વીપતી ! તમે વીર પાંડવો ઉપર કૃપા કરો. હે પ્રભુ ! તમે તેમને જીવિકા માટે કેટલાક ગામો આપો. હે નરપતિ ! આ પ્રમાણે કરવાથી લોકમાં તમને યશ પ્રાપ્ત થશે. હે તાત ! તમે વૃદ્ધ છો માટે તમારે પુત્રોને શિખામણ આપવી જોઈએ. ૨૧-૨૨

અને મારે પણ હિતબોધ કહેવો જોઈએ. તમે મને તમારો હિતૈષી જાણો. હે ભરતશ્રેષ્ઠ ! શુભેચ્છક મનુષ્યે પોતાનાં જ્ઞાતિજનો સાથે વિગ્રહ ન કરવો. હે તાત ! તેણે તો તેમની સાથે રહીને સુખ ભોગવવું જોઈએ. જ્ઞાતિજનોની સાથે ભોજન કરવું, વાત-ચિત કરવી તથા પરસ્પર પ્રેમ રાખવો, કદી પણ તેમની સાથે વિરોધ કરવો નહિ. ૨૩-૨૪

## જ્ઞાતિજનો સાથે તરવું અને ડૂબવું

આ લોકમાં જ્ઞાતિઓ જ તારે છે અને જ્ઞાતિઓ જ ડૂબાડે છે. સંસારમાં સદ્વર્તનવાળા જ્ઞાતિજનો તારે છે અને દુર્વર્તનવાળા જ્ઞાતિજનો ડૂબાડે છે. ૨૫

તો હે રાજેન્દ્ર ! તમે પાંડવો પ્રત્યે સદ્વર્તન રાખો, એટલે હે માનદાતા ! તેઓથી વીંટાયેલા તમે શત્રુઓથી પરાભવ પામશો નહિ, કોઈ જ્ઞાતિજન શ્રીમંત જ્ઞાતિજનને આશ્રયે જાય અને છતાં તેને દુઃખ ભોગવવાનું આવે, તો હાથમાં ઝેરી બાણવાળા પારધીને આશ્રયે ગયેલા મૃગનો વધ થવાથી જેમ એ મૃગવધનું પાપ પેલા પારધીને લાગે છે, તેમ જ્ઞાતિજનોને તે દુઃખ પડ્યાનું પાપ પેલા શ્રીમંતને લાગે છે. ૨૬-૨૭

## નીતિ

હે નરશ્રેષ્ઠ ! યુદ્ધમાં પાંડવો કે તમારા પુત્રો હણાઈ ગયા છે, એ સાંભળીને તમને પછીથી સંતાપ થશે. તો તમે આગળથી જ વિચાર કરો. ૨૮

આવરદા પરપોટા જેવી દે. એટલે કામ કરવાથી ખાટલે પડ્યા પડ્યા પશ્ચાતાપ કરવો પડે તે કામ પ્રથમથી જ કરવું નહિ. નીતિશાસ્ત્ર કર્તા શુક્રાચાર્ય સિવાય બીજો કોઈ અન્યાય કરતો નથી એમ સમજવું નહિ, પણ અન્યાય

ધ્યાનમાં આવ્યા પછી બાકી રહેલાં કામમાં વિચાર પૂર્વક વર્તવું, એ બુદ્ધિમાનોનું લક્ષણ છે. ૨૯-૩૦

હે નરેશ્વર ! પૂર્વે દુર્યોધને પાંડવો પ્રત્યે જે પાપી વર્તન ચલાવ્યું છે, તે વર્તનનો બદલો કુળમાં વૃદ્ધ એવા તમારે વાળી આપવો જોઈએ. હે નરશ્રેષ્ઠ ! પાંડવોને રાજ્યપદ ઉપર બેસાડીને તમે લોકમાં નિર્દોષ થશો અને વિદ્વાનોમાં પૂજ્ય થશો. ૩૧-૩૨

જે મનુષ્ય ધીર પુરુષોનાં સારાં વચનોનાં પરિણામનો વિચાર કરીને કાર્ય કરવાનો નિશ્ચય કરે છે, તે ચિરકાળ સુધી યશસ્વી રહે છે. મહાકુશળ પુરુષોએ ઉપદેશેલા જ્ઞાનમાંથી જાણવા જેટલું જાણ્યું નહિ, અથવા જાણ્યા છતાં તે પ્રમાણે વર્તન કર્યું નહિ, તો તે ઉપદેશેલું જ્ઞાન નિષ્ફળ છે. ૩૩-૩૪

જે મનુષ્ય પરિણામે પાપફળ આપનારાં કર્મને જાણીને તેનો આરંભ કરતો જ નથી, તે અભ્યુદય પામે છે. પરંતુ જે પૂર્વે કરેલાં પાપનો વિચાર કર્યા વિના પાપ જ કર્યા કરે છે, તે દુર્બુદ્ધિવાળા મનુષ્યને અગાધ ભયંકર નરકમાં નાખવામાં આવે છે. ડાહ્યા મનુષ્યે મસલત કરવાનાં આ છ દ્વારો લક્ષમાં રાખવાં અને સંપત્તિની વૃદ્ધિની ઈચ્છાવાળાએ એ દ્વારોનું નિત્ય રક્ષણ કરવું. મદિરાપાનથી થયેલો મદ, નિદ્રા, અન્યના ગુપ્ત દૂતાદિને ન ઓળખવા તે, પોતાના મુખનો તથા નેત્રાદિનો વિકાર, દુષ્ટ મંત્રીનો વિશ્વાસ અને દૂત આ દ્વારો જાણીને હે રાજા ! જે તેને સાચવી રાખે છે અને ધર્મ, અર્થ તથા કામનું સેવન કરવામાં જોડાયેલો રહે છે તે શત્રુને તાબે કરે છે, બૃહસ્પતિ જેવાને પણ શાસ્ત્રના અધ્યયન વિના અથવા વૃદ્ધોની સેવા કર્યા વિના ધર્મ તથા અર્થનું જ્ઞાન થતું નથી. સમુદ્રમાં પડેલું નાશ પામ્યું સમજવું, કાને ન ધરનારને કહેલું વચન મિથ્યા ગયેલું સમજવું, અવિવેકીએ કરેલું શાસ્ત્રનું ભણતર વ્યર્થ ગયેલું સમજવું અને અગ્નિ વિના કરેલો હોમ નિષ્ફળ ગયેલો સમજવો. ૩૫-૪૦

## મિત્રતાનું લક્ષણ

બુદ્ધિમાન મનુષ્યે બુદ્ધિપૂર્વક પરીક્ષા કરવી, અનુભવ પૂર્વક વારંવાર યોગ્યતા વિચારવી, બીજા પાસેથી ગુણ-દોષો સાંભળવા અને જાતે જોઈને તપાસ કરવો. એ પછી જ તેણે ડાહ્યાઓ સાથે મૈત્રી બાંધવી. વિનય અપકીર્તિનો નાશ કરે છે, પરાક્રમ અનર્થનો નાશ કરે છે, ક્ષમા નિત્ય ક્રોધનો નાશ કરે છે અને સદાચાર કુલક્ષણનો નાશ કરે છે. હે રાજેન્દ્ર ! ભોગ્ય વસ્તુની સામગ્રી, જન્મસ્થાન, ઘર, આચરણ, ભોજન અને વસ્ત્ર એ ઉપરથી કુળની પરીક્ષા કરવી. જીવનમુક્ત પુરુષ પણ સમીપ આવેલી ઈષ્ટ વસ્તુનો નિષેધ કરતો નથી, તો પછી વિષયાસક્ત માટે કહેવું જ શું ? શાણાને સેવનાર, વિદ્વાન, ધાર્મિક, સ્વરૂપવાન, મિત્રવાળા અને મધુર વાણીવાળા સ્નેહીનું પરિપાલન કરવું. મોટા કુળનો હોય કે હલકા કુળનો હોય છતાં જે મર્યાદાને ઓળંગતો નથી, જે ધર્મની અપેક્ષા રાખે છે અને જે દુષ્કાર્ય કરતાં લજ્જા સેવે છે, તે સેંકડો કુલીનો કરતાં પણ ચડિયાતો છે. જે બન્નેમાં એકનું મન બીજાના મન સાથે, એકનો ગુપ્ત વિચાર બીજાના ગુપ્ત વિચાર સાથે અને એકની બુદ્ધિ બીજાની બુદ્ધિ સાથે મળતાં આવે છે, તે બન્નેની મૈત્રી કદી નાશ પામતી નથી. વિદ્વાન મનુષ્યે દુર્બુદ્ધિવાળા મૂર્ખ મનુષ્યનો ઘાસથી ઢંકાયેલા કૂવાની પેઠે ત્યાગ કરવો, કારણ કે તેવાની મૈત્રી નાશ પામે છે. ડાહ્યા માણસે ગર્વિષ્ઠ, મૂર્ખ, ક્રોધી, સાહસિક અને ધર્મભ્રષ્ટ મનુષ્યની મૈત્રી કરવી નહિ. તેણે તો કૃતજ્ઞ, ધાર્મિક, સત્યનિષ્ઠાવાળા, મોટા મનના, દ્રઢ ભક્તિવાળા, જીતેન્દ્રિય, મર્યાદામાં રહેનારા અને દગો નહિ દેનારાને જ મિત્ર કરવો. ઈન્દ્રિયોને વિષયોમાં ન જવા દેવી, એ મૃત્યુ કરતાં પણ વધારે દુષ્કર છે. ત્યારે ઈન્દ્રિયોને અતિશય છૂટી મૂકવાથી દેવતાઓનો પણ નાશ થાય છે. ૪૧-૫૧

## આયુષ્ય વર્ધક વસ્તુઓ

કોમળ વૃત્તિ, સર્વ પ્રાણી પ્રત્યે અદેખાઈનો ત્યાગ, ક્ષમા, ધૈર્ય અને મિત્રોનો આદર, એમને વિદ્વાનો આયુષ્ય વધારનારાં કહે છે. જે કોઈ અન્યાયને લીધે બગડ્યું હોય તેને દ્રઢ નિશ્ચય પૂર્વક ન્યાયથી પાછું પૂર્વ સ્થિતિમાં લાવવું એ ઉત્તમ પુરુષનું વ્રત છે. મનુષ્ય પડનારાં દુઃખનો ઉપાય જાણે છે, પડતાં દુઃખમાં દ્રઢ નિશ્ચય રાખે છે, અને પડી ચૂકેલાં દુઃખ પછી બાકીનું કાર્ય કેમ કરવું તે જાણે છે, તે અર્થથી ભ્રષ્ટ થતો નથી. મન, વાણી અને કર્મથી મનુષ્ય જે કામ વારંવાર કરે છે, તે કામ તેને ખેંચી જ જાય છે. એથી મનુષ્ય કલ્યાણકારક કર્મજ કરવાં. ૫૨-૫૫

## સુખકર વસ્તુઓ

મંગળ વસ્તુઓનો સ્પર્શ, સહાય સંપત્તિ, શાસ્ત્રજ્ઞાન, ઉદ્યમ, સરળતા

અને સત્પુરુષોનું વારંવાર દર્શન, એ સર્વ સમૃદ્ધિ આપનારાં છે. ઉદ્યોગ પરાયણતા એ લક્ષ્મી, લાભ અને શુભનું મૂળ છે. ઉદ્યોગ પરાયણ મનુષ્ય મહાન થાય છે અને અનંત સુખ ભોગવે છે. હે તાત ! સમર્થ મનુષ્યે સદૈવ સર્વના ઉપર ક્ષમા રાખવી. એના જેવું કલ્યાણકારક અને પરમ હિતકારી બીજું કશું જ નથી. શક્તિહીન મનુષ્યે સર્વ ઉપર ક્ષમા રાખવી અને સમર્થ મનુષ્યે ધર્મને અર્થે ક્ષમા રાખવી. જેને અર્થ તથા અનર્થ સમાન છે, એવા ઉદાસીન મનુષ્યને પણ ક્ષમા નિત્ય હિતાવહ છે. જે સુખનું સેવન કરતાં મનુષ્ય ધર્મ તથા અર્થથી ભ્રષ્ટ થતો નથી, તે સુખ ભલે સેવવું, પણ મૂઢની જેમ કદી આચરણ કરવું નહિ. દુ:ખથી પીડાતો મનુષ્ય, પ્રમત્ત, નાસ્તિક, આળસુ, ઈન્દ્રિયાધીન અને નિરુત્સાહી એટલાઓને વિશે લક્ષ્મી વસતી નથી. સરળતાવાળો પુરુષ પોતાની સરળતાથી અયોગ્ય કામ કરતાં શરમાય છે, ત્યારે દુષ્ટબુદ્ધિવાળાઓ તેને અશક્ત માનીને સતાવ્યા કરે છે. ૫૯-૬૨

## લક્ષ્મી ક્યાં જતી નથી ?

જે મનુષ્ય અતિશય શરળ, અતિશય દાની, અતિશય શૂરવીર અને અતિશય વ્રતી છે, તેમ જ જે ડહાપણનું અભિમાન રાખે છે, તેની પાસે લક્ષ્મી ભયથી ફરકતી પણ નથી. લક્ષ્મી અતિ ગુણવાન પાસે રહેતી નથી, તેમ અતિશય ગુણહીનની પાસે પણ રહેતી નથી. તે ગુણને ચાહતી નથી તેમ ગુણહીનતાથી પણ રિઝાતી નથી. ૬૩-૬૪

## લક્ષ્મીનિવાસ અને વેદાદિનું ફળ

ઉન્મત્ત ગાયની જેમ એ અંધ લક્ષ્મી તો કોઈક જ ઠેકાણે ઠરીને રહે છે. અગ્નિહોત્ર પાળવું એ વેદાધ્યયનનું ફળ છે, સુશીલતા અને સદાચરણ એ શાસ્ત્રાધ્યયનનું ફળ છે, રતિસુખ અને પુત્ર પ્રાપ્તિ એ સ્ત્રી પરણ્યાનું ફળ છે અને દાન કરવું તથા ભોગવવું એ ધનનું ફળ છે. જે મનુષ્ય અધર્મથી સંપાદન કરેલા ધન વડે પરલોકના સાધનભૂત યજ્ઞ, દાન વગેરે કર્મો કરે છે તે મરણ પછી, ધન કુમાર્ગથી આવેલું હોવાને લીધે યજ્ઞ, દાન વગેરેનું ફળ ભોગવતો નથી. જંગલમાં, ભયંકર ઝાડીમાં, મોટી આપત્તિમાં, ગભરાટના સમયમાં અને હથિયારો ઉગામેલાં હોય તે વખતે હૃદયબળવાળાઓને ભય લાગતો નથી. ૬૫-૬૭



## વૈભવનું મૂળ

ઉદ્યોગ, ઈન્દ્રિય નિગ્રહ, દક્ષતા, સાવધાની, ધૈર્ય, સ્મરણશક્તિ અને વિચારપૂર્વક કાર્યારંભ, એમને ઐશ્વર્યનું કારણ જાણો, તપસ્વીઓનું બળ તપ છે, બ્રહ્મવેત્તાઓનું બળ બ્રહ્મ છે, દુર્જનોનું બળ હિંસા છે અને ગુણવાનોનું બળ ક્ષમા છે. જળ, મૂળ, ફળ, દૂધ, હવિષ, બ્રાહ્મણની ઈચ્છા, ગુરુનું વચન અને ઔષધ આ આઠના સ્વીકારથી ઉપવાસાદિ વ્રતનો ભંગ થતો નથી. પોતાને જે પ્રતિકૂળ લાગે એ બીજા પ્રત્યે પણ કરવું નહિ, આ સર્વ સાધારણ ધર્મ છે અને ઈચ્છા પ્રમાણે વર્તવાથી અધર્મ થાય છે. શાંતિથી ક્રોધને જીતવો, સૌજન્યથી દુર્જનને જીતવો, દાનથી કુપણને જીતવો અને સત્યથી અસત્યને જીતવું. ૬૮-૭૨

## અવિશ્વાસ કરવા યોગ્ય વસ્તુ

સ્ત્રી, ઠગ, આળસુ, બીકણ, ક્રોધી, અભિમાની, ચોર, કૃતઘ્ની અને નાસ્તિક આટલાંનો વિશ્વાસ કરવો નહિ. જે મનુષ્ય અભિવંદન કરવાના સ્વભાવવાળો હોય છે તથા વૃદ્ધોની સેવા કરે છે, તેનાં કીર્તિ, આયુષ્ય, યશ અને બળ એ ચાર સારી રીતે વૃદ્ધિ પામે છે. ૭૩-૭૪

## મનન કરવા યોગ્ય વસ્તુ

જે ધન અત્યંત કષ્ટથી મળતું હોય, ધર્મનું ઉલ્લંઘન કરવાથી મળતું હોય અથવા શત્રુને પગે પડવાથી મળતું હોય, તે ધનમાં તમે મન રાખો નહિ. વિદ્યા વિનાનો પુરુષ, સંતાનોત્પત્તિ વિનાનું મૈથુન, જીવિકા વિનાની પ્રજા અને રાજા વિનાનું રાજ્ય શોચનીય છે. પ્રાણીઓને મુશાફરીથી ઘડપણ આવે છે, પર્વતોને પાણીથી ઘડપણ આવે છે, સ્ત્રીઓને અસંભોગથી ઘડપણ આવે છે અને મનને કઠોરવાણીથી ઘડપણ આવે છે. અભ્યાસ ન કરવો એ વેદનો મેલ છે, વ્રતનો ત્યાગ કરવો એ બ્રાહ્મણનો મેલ છે, બાહ્લિક દેશ પૃથ્વીનો મેલ છે, અસત્ય ભાષણ એ પુરુષનો મેલ છે, કુતૂહલ સાધ્વીનો મેલ છે, પતિનું પરદેશ ગમન સ્ત્રીને મલિન કરે છે, સોનાને રૂપુ મલિન કરે છે, રૂપાને કથિર મલિન કરે છે, કથિરને સીસું મલિન કરે છે અને સીસાને માટી મલિન કરે છે. ૭૫-૮૦

બહુ નિદ્રા કરવાથી નિદ્રા ન જીતાય, કામ ભોગવવાથી સ્ત્રીને ન

જીતાય, ઈંધણાં નાખવાથી અગ્નિને ન જીતાય અને મદ્યપાન કરવાથી મદિરાને ન જીતાય. ૮૧

જેણે દાનથી મિત્રને વશ કર્યો છે, જેણે યુદ્ધથી શત્રુઓને જીત્યા છે અને જેણે ખાનપાનથી સ્ત્રીઓને વશ કરી છે, તેનું જીવતર સફળ છે. ૮૨

હે ધૃતરાષ્ટ્ર ! હજાર રૂપિયાવાળા પણ જીવે છે અને સો રૂપિયાવાળા પણ જીવે છે, માટે તમે આખા રાજ્યની ઈચ્છા છોડી દો, કારણ કે કોઈ પણ સ્થિતિમાં જીવાતું નથી એમ નથી. ૮૩

આ પૃથ્વીમાં જે કાંઈ સુવર્ણ, ડાંગર, જવ, પશુઓ અને સ્ત્રીઓ છે, તે બધું એકને મળે, તો પણ તૃપ્તિ થતી નથી. આ જોઈને ડાહ્યો મનુષ્ય મોહ પામતો નથી. ૮૪

હે રાજન્ ! હું તમને ફરીથી પણ કહું છું કે, જો તમને તમારા પોતાના પુત્રોમાં અને પાંડવોમાં સમભાવ હોય, તો તમે બન્ને પ્રત્યે સમાનતાથી વર્તો. ૮૫

ઈતિ શ્રીમહાભારતે ઉદ્યોગપર્વ અંતર્ગત પ્રજાગરપર્વમાં
વિદુરનીતિવાક્યનો સપ્તમો અધ્યાયઃ ॥૭॥

**-: અધ્યાય :- ૮**

## સહજ શત્રુ

સજ્જનોથી માન પામ્યા છતાં જે મનુષ્ય અભિમાન રહિત રહીને પોતાની શક્તિ પ્રમાણે કામ કરે છે, તે સત્પુરુષને તત્કાળ યશ પ્રાપ્ત થાય છે, કારણ કે પ્રસન્ન થયેલા સજ્જનો સુખ આપવા સમર્થ છે. ૧

બીજાઓએ અડચણ નાખી ન હોય છતાં જે મનુષ્ય અધર્મથી મળતા અર્થલાભનો ત્યાગ કરે છે, તે મનુષ્ય જુની કાંચળીનો ત્યાગ કરનાર સર્પની જેમ દુઃખથી મુક્ત થઈને સુખેથી નિદ્રા લે છે. ૨

અસત્ય બોલીને વિજય મેળવવો, રાજા પાસે ચાડી ખાવી અને ગુરુ આગળ મિથ્યા આગ્રહ કરવો, એ બ્રહ્મહત્યા કરવા બરાબર છે. ઈર્ષ્યા કરવી એ ખરેખર મૃત્યુ જ છે, વધારે પડતું બોલવું એ લક્ષ્મીનો નાશ કરનારું છે અને ગુરુની સેવા કરવી નહિ, ઉતાવળ કરવી તથા આત્મ શ્લાઘા કરવી એ ત્રણ વિદ્યાના શત્રુ છે. ૩-૪



આળસ, મદ, મોહ, ચપળતા, વાતોડિયાપણું, ઉદ્ધતાઈ, અભિમાન અને લોભ આ સાત સર્વદા વિદ્યાર્થીઓના દોષ મનાય છે. ૫

સુખની ઈચ્છાવાળાને વિદ્યા ક્યાંથી હોય ? અને વિદ્યાની ઈચ્છાવાળાને સુખ ક્યાંથી હોય ? માટે સુખની ઈચ્છા રાખનારે વિદ્યાનો ત્યાગ કરવો અને વિદ્યાની ઈચ્છા રાખનારે સુખનો ત્યાગ કરવો. ૬

અગ્નિ લાકડાંથી તૃપ્ત થતો નથી, મહાસમુદ્ર નદીઓથી તૃપ્ત થતો નથી, મૃત્યુ સર્વ પ્રાણીઓથી તૃપ્ત થતું નથી અને સ્ત્રી પુરુષોથી તૃપ્ત થતી નથી. ૭

## નાશ કરનાર વસ્તુ

હે રાજન્ ! આશા ધૈર્યનો નાશ કરે છે, કાળ સમૃદ્ધિનો નાશ કરે છે, ક્રોધ લક્ષ્મીનો નાશ કરે છે, કુપણતા યશનો નાશ કરે છે, અરક્ષણ પશુઓનો નાશ કરે છે અને કોપાયમાન થયેલો એક બ્રાહ્મણ આખા દેશનો નાશ કરે છે. ૮

## મંગળ વસ્તુઓ

હે રાજન્ ! બકરાં, કાંસું, રૂપુ, મધ, ઝેર ચૂસનારું મહોરું, પક્ષી, વૈદિક બ્રાહ્મણ, વૃદ્ધ જ્ઞાતિજન અને પડતીમાં આવેલો કુલીન, એટલા તમારે ઘેર સદૈવ રહો. હે ભારત ! બકરો, બળદ, ચંદન, વિણા, આરસો, મધ, ઘી, લોઢું, તાંબાનું પાત્ર, દક્ષિણાવર્ત શંખ, શાલિગ્રામ અને ગોરોચન આટલી મંગલકારક વસ્તુઓ દેવ, બ્રાહ્મણ તથા અતિથિઓની પૂજાને માટે ઘરમાં રાખવી. એમ મનુએ કહ્યું છે. ૯-૧૧

હે તાત ! હું તમને આ સર્વોત્તમ પુણ્યકારક અને મંગળદાયી વાત કહું છું કે, કામ, ભય અને લોભથી જીવિતને માટે પણ કદી ધર્મનો ત્યાગ કરવો નહિ. ૧૨

## અવિનાશીનો આશ્રય

ધર્મ નિત્ય છે અને સુખ દુઃખ અનિત્ય છે, કેમ કે જીવ નિત્ય છે અને તેના કારણરૂપ અવિદ્યા અજ્ઞાન અનિત્ય છે. માટે તમે અનિત્યનો ત્યાગ કરીને નિત્ય વસ્તુમાં નિષ્ઠા રાખો અને સંતુષ્ટ રહો. કારણ કે સંતોષ એ મોટો લાભ છે. ૧૩

જુઓ મહાબળવાન અને મહાન મહિમાવાળા રાજાઓ પણ ધનધાન્યથી ભરેલી પૃથ્વી ઉપર રાજ્ય કરીને તે રાજ્યો તથા વિશાળ વૈભવોને છોડી મૃત્યુને વશ થયા છે. ૧૪

હે રાજન્ ! દુઃખ વેઠીને મોટો કરેલો પુત્ર પણ મરણ પામે છે, તો મનુષ્યો તેને ઉપાડીને પોતાના ઘરમાંથી દૂર લઈ જાય છે, તેઓ કેશ છૂટા મૂકીને કરુણ સ્વરે રડે છે, પણ પછી તેને કાષ્ટની જેમ ચિતામાં નાખી દે છે. ૧૫

મરણ પામેલા મનુષ્યનું ધન બીજો માણસ ભોગવે છે, તેમ જ પક્ષીઓ અને અગ્નિ તેમના શરીરની સાત ધાતુઓને ખાઈ જાય છે, તે મરનાર તો પુણ્ય તથા પાપ એ બન્નેથી વીંટાઈને તેમની સાથે પરલોકમાં જાય છે. ૧૬

હે તાત ! ફળફુલ વિનાના ઝાડનો જેમ પક્ષીઓ ત્યાગ કરે છે, તેમ જ્ઞાતિજનો, સ્નેહિઓ અને પુત્રો મરનારના દેહને છોડીને પાછા વળે છે. ૧૭

અગ્નિમાં નાખેલ પુરુષની પાછળ તેનું કરેલું કર્મ જાય છે, માટે પુરુષે પ્રયત્નથી ધીરે ધીરે ધર્મનો સંગ્રહ કરવો. આ લોકથી ઉપર રહેલા સ્વર્ગથી તથા આલોકની નીચે પાતાળમાં મહાન અંધતામિસ્ર નામનું નરક છે. તે નરક ઈન્દ્રિયોને મહા મોહ કરનારું છે, એમ જાણો. હે રાજન્ ! રખે તમને એ નરક મળે. ૧૮-૧૯

મારાં આ વચન સાંભળીને તમે જો તે સર્વ સમજવા સમર્થ થશો તો તમે મનુષ્યલોકમાં ઉત્તમ યશ પામશો અને તમને આ લોકમાં તથા પરલોકમાં ભય થશે નહિ. ૨૦

હે ભારત ! આત્મા એ એક નદી છે, તેમાં પુણ્ય એ ઓવારો છે, બ્રહ્મ તેનું ઉત્પત્તિસ્થાન છે, ધૈર્ય તેના કિનારા છે અને દયા તેના તરંગ છે. જે પુણ્યકર્મવાળો પુરુષ તેમાં સ્નાન કરે છે,(પોતાના આત્મા સ્વરૂપને ઓળખે છે) તે પવિત્ર થાય છે. નિત્ય લોભ રહિત સ્થિતિ એ જ પુણ્ય છે. ૨૧

કામ તથા ક્રોધરૂપી મગરવાળી અને પાંચ ઈંદ્રિયોરૂપી જળવાળી સંસારનદીમાં તમે ધૈર્યરૂપી નૌકાનો આશ્રય કરીને જન્માદિ દુઃખને તરી



જાઓ. ૨૨

## કોણ દુઃખી થાય નહિ ?

કયું કાર્ય કરવું અને કયું ન કરવું, આ સંબંધમાં જે મનુષ્ય જ્ઞાનમાં, ધર્મમાં, વિદ્યામાં અને વયમાં વૃદ્ધ એવા પોતાના સંબંધીને માન આપીને તથા પ્રસન્ન કરીને પૂછે છે, તે કોઈ દિવસ મુંઝાતો નથી. ૨૩

ધૈર્યથી શિશ્ન તથા ઉદરની રક્ષા કરવી, નેત્રથી હાથો તથા પગોની રક્ષા કરવી, મનથી આંખ તથા કાનની રક્ષા કરવી અને કર્મથી મન તથા વાણીની રક્ષા કરવી. ૨૪

જે બ્રાહ્મણ નિત્ય યોગ્ય સમયે સ્નાન સંધ્યા કરે છે, નિત્ય જનોઈ ધારણ કરે છે, નિત્ય વેદાધ્યયન કરે છે, પતિતના અન્નનો ત્યાગ કરે છે, સત્ય બોલે છે અને ગુરુની સેવા કરે છે, તે બ્રહ્મલોકથી ભ્રષ્ટ થતા નથી. ૨૫

જે ક્ષત્રિય વેદનો અભ્યાસ કરી, અગ્નિહોત્ર કરી, યજ્ઞોથી દેવોનું પૂજન કરી તથા પ્રજાનું પાલન કરી ગાય અને બ્રાહ્મણને માટે શસ્ત્રથી હણાય છે અથવા સંગ્રામમાં પ્રાણ નિચ્છાવર કરે છે, તે પવિત્ર ચિત્તવાળો થઈને સ્વર્ગમાં જાય છે. ૨૬

જે વૈશ્ય વેદાધ્યયન કરી, યોગ્ય સમયે બ્રાહ્મણો, ક્ષત્રિયો તેમ જ આશ્રિતોને ધનનો વિભાગ આપી અને ગાર્હપત્ય, આહ્વનીય તથા દક્ષિણાગ્નિ આ ત્રણ અગ્નિનો પુણ્ય પવિત્ર ધુમાડો સુંઘી ખોળિયું છોડે છે, તે સ્વર્ગમાં દિવ્ય સુખો ભોગવે છે. ૨૭

જે શુદ્ર બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યની અનુક્રમે યથાયોગ્ય સેવા કરે છે, એ બ્રાહ્મણાદિ સંતુષ્ટ થવાથી દુઃખરહિત તથા પાપરહિત થાય છે અને દેહ ત્યાગ પછી સ્વર્ગમાં સુખ ભોગવે છે. ૨૮

## યુધિષ્ઠિરને રાજ્યાસન પર બેસાડવા માટે વિનંતિ

આ મેં તમને ચારે વર્ણનો ધર્મ કહ્યો. તે કહેવાનું તમે આ કારણ સમજો કે, પાંડુપુત્ર યુધિષ્ઠિર પૃથ્વીપાલનરૂપી ક્ષાત્રધર્મથી ભ્રષ્ટ થયા છે, માટે હે રાજન્ ! તમે તેને રાજધર્મમાં જોડો. ૨૯

ધૃતરાષ્ટ્ર બોલ્યા :- હે સૌમ્ય ! તું મને નિત્ય આવો સત્ય ઉપદેશ આપે છે. મને પણ મનમાં થાય છે કે તું મને કહે છે તેમજ કરું, પાંડવો પ્રત્યે

મને હમેશાં એવી બુદ્ધિ થાય છે, પણ દુર્યોધન મને મળે છે અને તે બધું ફરી જાય છે. ૩૦-૩૧

## દૈવનું સામર્થ્ય

કોઈ પણ પ્રાણી દૈવને ઓળંગી શકે તેમ નથી. મને તો લાગે છે, દૈવ એ જ સાચું છે અને પુરુષાર્થ તો નિર્થક છે. ૩૨

ઈતિ શ્રીમહાભારતે ઉદ્યોગપર્વ અંતર્ગત પ્રજાગરપર્વમાં
વિદુરનીતિવાક્યનો અષ્ટ મો અધ્યાયઃ ॥૮॥